રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 262 | Dt. 2-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

જ્ઞાનેશ કુમાર પછી મોદીજી તમારો વારો : રાહુલ ગાંધી

જનતાનો અવાજ જ મારો ધર્મ છે, અમે બંધારણ પર આંચ નહીં આવવા દઈએ

નવી દિલ્હી, તા.૧

દિલ્હીના રામલીલા મેદાનમાં ઈ.ગ.ઉ.ઈ.અ. ગઠબંધનની મહારેલીમાં રાહુલ ગાંધીએ આક્રમક ભાષણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટ કહ્યું કે કોઈ પણ શક્તિ બંધારણથી મોટી નથી અને જનતાનો અવાજ જ તેમનો ધર્મ છે. રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૧૫% મતદારોના નામ ગાયબ થવાનો દાવો કર્યો અને તેને 'વોટ ચોરી' ગણાવી. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાની અને જેલમાં મોકલવાની પણ વાત કરી.

દિલ્હીના રામલીલા મેદાનમાં ઈ.ગ.ઉ.ઈ.અ. ગઠબંધનની મહારેલીમાં રાહુલ ગાંધીએ આક્રમક ભાષણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટ કહ્યું કે કોઈ પણ શક્તિ બંધારણથી મોટી નથી અને જનતાનો અવાજ જ તેમનો ધર્મ છે. રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૧૫% મતદારોના નામ ગાયબ થવાનો દાવો કર્યો અને તેને 'વોટ ચોરી' ગણાવી. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાની અને જેલમાં મોકલવાની પણ વાત કરી.

દિલ્હીના રામલીલા મેદાન ખાતે આયોજિત ઈ.ગ.ઉ.ઈ.અ. ગઠબંધનની વિશાળ મહારેલીમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સૌથી આક્રમક ભાષણ આપ્યું હતું. મંચ પર પહોંચતાં જ તેમણે ગઠબંધનના તમામ દિગ્ગજ નેતાઓ અને ઉમટી પડેલા હજારો નાગરિકોનો આભાર માનીને સંબોધન શરૂ કર્યું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેશમાં ગમે તેટલા પૈસા કે સત્તા હોય, પરંતુ કોઈ પણ શક્તિ દેશના બંધારણ કરતાં મોટી હોઈ શકે નહીં.



રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે વિપક્ષ પ્રેમ અને અહિંસાની વિચારધારામાં માને છે અને તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પ્રત્યે કોઈ નફરત રાખતા નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે નરેન્દ્ર મોદી, અમિત શાહ કે જ્ઞાનેશ કુમારને નફરત કરતા નથી. અમે નફરત નહીં પણ પ્રેમની દુકાન ખોલનારા લોકો છીએ. અમે અહિંસાના પક્ષધર છીએ. મારા માટે કોઈ દુશ્મન નથી. ન તો નરેન્દ્ર મોદી, ન અમિત શાહ, ન જ્ઞાનેશ કુમાર. પરંતુ ભારતના પ્રત્યેક નાગરિકનો અવાજ મારા માટે ધર્મ કરતાં પણ વધુ મહત્ત્વનો છે. એ જ મારો ધર્મ છે. અમે હિંસાનો આશરો નહીં લઈએ, કોઈને નુકસાન નહીં પહોંચાડીએ અને નફરત નહીં ફેલાવીએ. અમે પ્રેમથી કામ કરીશું, પરંતુ અમે તમને બંધારણ ખતમ કરવા નહીં દઈએ. ગમે તે થઈ જાય, અમે આવું થવા નહીં દઈએ. આ નેતાઓએ દેશની આત્મા પર પ્રહાર કર્યો છે, જેને દેશ ક્યારેય સ્વીકારશે નહીં.

રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર સામે સીધું એલાન કરતાં કહ્યું કે દેશને ફરી સાચા પાટા પર લાવવાનું પ્રથમ પગલું જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાનું છે. જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવામાં આવશે અને તેમણે જેલમાં જવું પડશે. અમિત શાહ કહે છે કે નરેન્દ્ર મોદી ક્યાંય જવાના નથી. હું કહેવા માંગુ છું કે તેમને ક્યાંય જવા દેવામાં નહીં આવે. જ્ઞાનેશ કુમાર પછી અમે તમારા માટે આવી રહ્યા છીએ. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વોટ ચોરીએ સામાન્ય ચોરી નથી, દેશદ્રોહ છેઃ રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની કાયદેસરતા સામે મોટો સવાલ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બાદ દેશના ૧૫ ટકા મતદારોના નામ મતદાર યાદીમાંથી ગાયબ કરી દેવામાં આવ્યા હતા. આ આંકડા ખુદ ચૂંટણી પંચના ડેટામાંથી સામે આવી રહ્યા છે. મધ્યપ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ૨૦૨૪ની ચૂંટણી સહિત અનેક રાજ્યોની ચૂંટણીઓમાં ઈવીએમ દ્વારા અને મતદાર યાદીમાં ગેરકાયદેસર રીતે નામો ઉમેરીને કે રદ કરીને મતોની ચોરી કરવામાં આવી છે. આ કોઈ સામાન્ય ચોરી નથી, જેવી રીતે કોઈ દુકાનમાંથી કંઈક ચોરાઈ જાય. આ દેશના પ્રત્યેક નાગરિકના અવાજની ચોરી છે. કાનૂની પરિભાષામાં આને 'રેરેસ્ટ ઓફ રેર કેસ' કહેવાય છે. આ દેશદ્રોહ છે. જ્ઞાનેશ કુમાર વગર નરેન્દ્ર મોદી ક્યારેય વડાપ્રધાન ન બન્યા હોત અને અમિત શાહ ક્યારેય ગૃહમંત્રી ન બની શક્યા હોત.

જીએસટી કલેક્શને તોડ્યા તમામ રેકોર્ડ, વાર્ષિક ધોરણે ૨૨.૯ ટકાનો જબરદસ્ત ઉછાળો!

ઓક્ટોબરની GST આવક ૨.૩૧ લાખ કરોડ

નવીદિલ્હી, તા. ૧

ભારતીય અર્થતંત્ર માટે ઓક્ટોબર મહિનાના જીએસટી કલેક્શનના આંકડા અત્યંત ઉત્સાહજનક અને ઐતિહાસિક રહ્યા છે જેમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા આંકડા મુજબ ઓક્ટોબરમાં કુલ ₹૨,૩૧,૨૯૦ કરોડનું ગ્રોસ જીએસટી કલેક્શન નોંધાયું છે અને ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ તેમાં ૨૨.૯ ટકાનો જંગી વધારો થયો છે તથા સ્થાનિક વ્યવહારો અને આયાતમાંથી મળેલી આવકમાં થયેલી નોંધપાત્ર વૃદ્ધિને કારણે સરકારી તિજોરીમાં મોટી રકમ જમા થઈ છે જ્યારે ઓક્ટોબર ૨૦૨૫માં કુલ ગ્રોસ જીએસટી કલેક્શન ₹૧,૮૮,૧૨૫ કરોડ હતું જેની સરખામણીએ ઓક્ટોબર ૨૦૨૬માં ₹૪૩,૧૬૫ કરોડ વધુ આવક નોંધાઈ છે અને આ આંકડા દેશના કરસંગ્રહમાં અસાધારણ વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે.



સરકારી માહિતી મુજબ સ્થાનિક વ્યવહારોમાંથી ગ્રોસ જીએસટી આવક ૧૫.૮ ટકા વધીને ₹૧,૫૯,૦૪૪ કરોડ થઈ છે અને બીજી તરફ આયાતમાંથી થતી આવક ૪૨.૨ ટકા વધીને ₹૭૨,૨૪૬ કરોડ પહોંચી છે તથા આયાત સંબંધિત ટેક્સ આવકમાં થયેલો આ મોટો વધારો કુલ જીએસટી વૃદ્ધિનું મહત્વપૂર્ણ કારણ બન્યો છે જેમાં ઓક્ટોબરમાં સેન્ટ્રલ જીએસટી એટલે કે સીજીએસટી ₹૪૨,૯૩૫ કરોડ, સ્ટેટ જીએસટી એટલે કે એસજીએસટી ₹૫૧,૩૪૦ કરોડ અને ઈન્ટિગ્રેટેડ જીએસટી એટલે કે આઈજીએસટી ₹૧,૩૭,૦૧૫ કરોડ નોંધાયું છે જેથી ત્રણેય કેટેગરી મળીને કુલ ₹૨.૩૧ લાખ કરોડથી વધુનું ગ્રોસ કલેક્શન સ્પષ્ટપણે દર્શાવે છે.

ઓક્ટોબરમાં કુલ ₹૨૭,૯૩૪ કરોડના જીએસટી રિફંડ આપવામાં આવ્યા છે અને આ રિફંડ બાદ નેટ જીએસટી આવક ₹૨,૦૩,૩૫૬ કરોડ રહી છે જે ગયા વર્ષની સરખામણીએ ૨૫.૬ ટકા વધુ છે જ્યારે ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ઓક્ટોબર સુધીના સાત મહિનામાં ગ્રોસ જીએસટી કલેક્શન ₹૧૪,૭૭,૫૬૯ કરોડ રહ્યું છે જે અગાઉના વર્ષ કરતાં ૧૩.૨ ટકા વધુ છે અને આ તમામ આંકડા દેશની મજબૂત સ્થાનિક કરઆવક તેમજ આયાત સંબંધિત કલેક્શનમાં સતત થઈ રહેલી પ્રગતિના સ્પષ્ટ સંકેતો આપે છે.

આંતરરાષ્ટ્રીય સંશોધન મુજબ પર્યાવરણને ભારે નુકસાન : આંધળા વિકાસ અને આડેધડ બાંધકામો ભારતીયો સહિત ત્રણ લાખ લોકો પર તોળાતું જોખમ

હિમાલયમાં ખતરો : ૩ લાખ લોકો જોખમમાં



નવી દિલ્હી, તા.૧

હિમાલયના ક્ષેત્રોમાં નિર્માણ કાર્ય બહુ જ ઝડપથી વધી રહ્યું છે. જેને કારણે પર્યાવરણને ભારે નુકસાન થઈ રહ્યું છે જેનું પરિણામ પણ માનવીએ જ ભોગવવું પડી શકે છે અને ભારે તારાજી સર્જી શકે છે. એક નવા આંતરરાષ્ટ્રીય સંશોધન મુજબ આ આંધળા વિકાસ અને આડેધડ બાંધકામોને કારણે ત્રણ લાખ લોકો પર મોતનો ખતરો મંડરાઇ રહ્યો છે.

સાઇન્ટિફિક રિપોર્ટ્સ જર્નલમાં પ્રકાશિત સંશોધન મુજબ ઉત્તરી નેપાળ, દક્ષિણ-પૂર્વી તિબેટ તેમજ ભારતના ઉત્તરાખંડના સંવેદનશીલ વિસ્તારોમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૨૩ વચ્ચે જોખમવાળા ક્ષેત્રોમાં નિર્માણ ૪૫ ટકા વધી ગયું છે. જ્યારે ગ્લેશિયર તળાવો ફાટવાનો ખતરો છે તેવા વિસ્તારોમાં નિર્માણની ગતી ૭૮ ટકા નોંધવામાં આવી છે.

બ્રિટન, નેપાળ તેમજ ભારતના મળીને કુલ નવ શોધકર્તાઓના એક સમૂહ દ્વારા હિમાલયી નદીઓના વહેણ ક્ષેત્રમાં નદીથી ૫૦ કિલોમીટર સુધીના વિસ્તારોમાં લગભગ ૧૩૬૦ ગ્લેશિયર તળાવો આસપાસ તૈયાર બાંધકામોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે નિયમોને બાજુમાં રાખીને હોટેલ, રિસોર્ટ, રિયલ એસ્ટેટ અને મોટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ઉભા કરવામાં આવી રહ્યા છે.

વૈજ્ઞાનિકોનું સ્પષ્ટ કહેવું છે કે પ્રાકૃતિક હોનારતની હદમાં રહેતા લોકોની વાસ્તવિક સંખ્યા આશરે ત્રણ લાખથી વધુ છે જેમના પર જીવનું જોખમ છે. તાજેતરમાં તિબેટ-નેપાળમાં ગ્લેશિયર ફાટવાને કારણે જે હોનારત આવ્યું તેમાં ભારે નુકસાન થયું હતું અને અનેક મકાનો તણાયા હતા. જ્યારે ૧૪૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ભારતમાં પણ ખતરો રહેલો છે, ઉત્તરાખંડમાં નદીઓના સંવેદનશીલ કિનારા અને પહાડી ઘાટીઓમાં મકાન, હોટેલ તેમજ વ્યાવસાયિક ઇમારતો ઉભી કરી દેવામાં આવી છે. જેમના પર પૂર, ભુસ્ખલન સહિતનો ખતરો રહેલો છે.

મણિપુરમાં હિંસા:ગોળીબારમાં ૩ મોત

હજારો લોકોનું રસ્તા પર ઊતરી ભાજપ સરકારને અલ્ટીમેટમ



નવી દિલ્હી, તા.૧

અશાંત મણિપુરમાં હિંસા અને તણાવ ઓછવાનું નામ નથી લઈ રહ્યો. મણિપુરના નોની જિલ્લામાં સશસ્ત્ર જૂથો વચ્ચે થયેલી ભીષણ ગોળીબારની ઘટનામાં ૩ લોકોના મોત થયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. બીજી તરફ, આ સતત હિંસા અને રાજ્ય સરકારની નિષ્ક્રિયતા સામે રોષે ભરાયેલા નાગરિકોએ રાજધાની ઇમ્ફાલમાં શનિવારે એક વિશાળ રેલી યોજીને સરકારને 'ફાઇનલ વોર્નિંગ' આપી છે.

મળતી માહિતી મુજબ, નોની જિલ્લાના નુંગબા પોલીસ સ્ટેશન અંતર્ગત કેકરુ નાગા ગામમાં અજ્ઞાત સશસ્ત્ર બદમાશો અને જૂથો વચ્ચે અચાનક ભારે ગોળીબાર શરૂ થયો હતો. આ હિંસક અથડામણમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, મૃત્યુ પામનારા તમામ લોકો પાસેથી હથિયારો અને ગોળાબારૂદ પણ મળી આવ્યા છે. આ ઘટના અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

કુકી આદિવાસી સંગઠન 'કુકી ઇનપી મણિપુર' (KIM) એ આરોપ લગાવ્યો છે કે આ હત્યાઓ પાછળ એનએસસીએન-આઇએમ (NSCN-IM) અને ઝેલીયાંગ્રોંગ યુનાઇટેડ ફ્રન્ટના સશસ્ત્ર કેડરોનો હાથ છે. સંગઠને તંત્ર પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું છે કે પૂરતી સુરક્ષાના અભાવે ગ્રામીણોએ પોતાના રક્ષણ માટે આગળ આવવું પડે છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતાં અને હિંસા ન અટકતાં શનિવારે ઇમ્ફાલની સડકો પર હજારો લોકોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. 'કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઇન્ટિગ્રિટી' (COCOMI) અને અનેક નાગરિક સમાજ સંગઠનોના નેતૃત્વ હેઠળ આ મહારેલી યોજાઈ હતી. આ પ્રદર્શનમાં ખીણ અને પહાડી વિસ્તારોના લોકો તેમજ નાગા સંગઠનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રદર્શનકારીઓનું સ્પષ્ટ કહેવું છે કે વર્તમાન ભાજપ સરકાર રાજ્યમાં શાંતિ સ્થાપવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે, તેથી કાં તો સરકારે કડક પગલાં લઈને સંપૂર્ણ શાંતિ બહાલ કરવી જોઈએ અથવા તો સત્તા પરથી રાજીનામું આપી દેવું જોઈએ.

૬ સૂત્રીય પ્રસ્તાવ અને મુખ્ય માંગણીઓ

વિરોધ રેલી બાદ એક ૬ સૂત્રીય પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે, જેમાં મુખ્ય માંગણીઓમાં રાજ્યમાં તાત્કાલિક અને કાયમી શાંતિની સ્થાપના કરવી. વિસ્થાપિત થયેલા હજારો લોકોની સુરક્ષિત ઘરવાપસી સુનિશ્ચિત કરવી.કુકી–જો ઉગ્રવાદી સંગઠનો સાથેના 'સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ' (જ્ઞાઘ) સમજૂતીને રદ્ધ કરીને કડક ઓપરેશન શરૂ કરવું.એનઆરસી (NRC) ને ૧૯૫૧ ને આધાર વર્ષ (Base Year) માનીને લાગુ કરવું. જ્યારે પ્રદર્શનકારીઓએ ટિડિમ ગ્રાઉન્ડથી થાઉ મેદાન તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સુરક્ષાદળોએ કાસમપત જંક્શન અને અન્ય મહત્વના સ્થળો પર બેરિકેડ્સ લગાવીને તેમને અટકાવ્યા હતા. મણિપુરમાં આ વધતા જતા તણાવને કારણે સુરક્ષા વ્યવસ્થા અત્યંત સઘન કરી દેવામાં આવી છે.

મહાદેવ બેટિંગ એપ કેસ : સૌરભને ઓમાનથી ભારત લવાયો

વિદેશથી ચાલતું દેશનું સૌથી મોટું સટ્ટાબાજી નેટવર્ક : આંતરરાષ્ટ્રીય સહયોગ અને રેડ કોર્નર નોટિસ બાદ સફળતા

નવી દિલ્હી, તા.૧

છત્તીસગઢના ચર્ચિત મહાદેવ ઓનલાઇન બેટિંગ નેટવર્કના મુખ્ય આરોપી અને કથિત માસ્ટરમાઇન્ડ સૌરભ ચંદ્રાકારને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ઓમાનથી ભારત પ્રત્યાર્પિત કરવામાં આવ્યો છે. અન્ય કેન્દ્રીય એજન્સીઓના સહયોગથી થયેલી આ કાર્યવાહી બાદ CBIની વિશેષ ટીમ તેને ભારત લઈને પહોંચી છે. હવે તેનું મેડિકલ ચેકઅપ કરાવ્યા અને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા બાદ રાયપુર લઈ જવામાં આવશે, જ્યાં સોમવારે CBIની વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સૌરભ ચંદ્રાકાર ઈઓડીના બે કેસોમાં વોન્ટેડ છે, જેમાં એજન્સી પહેલાથી જ ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે. આ ઉપરાંત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના એક કેસમાં પણ તેની સામે પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરવામાં આવી ચૂકી છે.

CBIએ મહાદેવ ઓનલાઇન બુક કેસની તપાસ છત્તીસગઢ સરકારની અપીલ પર શરૂ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે આ દેશના સૌથી મોટા ગેરકાયદે ઓનલાઇન સટ્ટાબાજી નેટવર્કમાંથી એક હતું, જેનું સંચાલન વિદેશથી કરવામાં આવી રહ્યું હતું. આ પ્લેટફોર્મ દ્વારા ક્રિકેટ, ફુટબોલ, પત્તા અને અન્ય ઇવેન્ટ્સ પર ગેરકાયદે સટ્ટો લગાવવામાં આવતો હતો. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, દેશભરમાં ફેલાયેલી ફ્રેન્ચાઇઝી આધારિત પેનલ અને શાખાઓ દ્વારા લોકોને જોડવામાં આવતા હતા અને તેમની પાસેથી સટ્ટાની રકમ એકત્ર કરવામાં આવતી હતી.



તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ગેરકાયદે સટ્ટાબાજીથી કમાયેલી રકમને મોટી સંખ્યામાં મ્યુલ બેંક ખાતાઓ દ્વારા વિવિધ ટ્રાન્ઝેક્શન કરીને લેયરિંગ કરવામાં આવતી હતી. ત્યારબાદ આ નાણાંને હવાલા નેટવર્ક દ્વારા વિદેશ મોકલવામાં આવતા હતા. CBIનો દાવો છે કે આ ગેરકાયદે કમાણીનો એક ભાગ કેટલાક લોકસેવકોને કથિત રીતે સંરક્ષણ આપવા (પ્રોટેક્શન મની) બદલ આપવામાં આવતો હતો, જેથી આ સિન્ડિકેટ કોઈ પણ અવરોધ વિના પોતાનો કારોબાર ચાલુ રાખી શકે. CBIએ આ કેસમાં પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ઉપરાંત ભારતીય દંડ સંહિતા (IPC)ની ફોજદારી કાવતરું, છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજો બનાવવા સંબંધિત કલમો તેમજ છત્તીસગઢ જુગાર (પ્રતિબંધ) અધિનિયમ હેઠળ ચાર્જશીટ દાખલ કરી છે. સૌરભ ચંદ્રાકાર આ કેસોમાં મુખ્ય આરોપીઓમાં સામેલ છે. બીજી તરફ, ઇડી આ કેસમાં ભારત અને વિદેશમાં આવેલી ઘણી મિલકતો પહેલાથી જ જમ કરી ચૂકી છે.

સૌરભ ચંદ્રાકાર વિરુદ્ધ જાહેર કરાયેલી રેડ કોર્નર નોટિસના આધારે રોયલ ઓમાન પોલીસે તેની શોધખોળ કરીને કસ્ટડીમાં લીધો હતો. આ પછી CBI અને EDએ તેની વિરુદ્ધ એકત્ર કરાયેલા પુરાવાઓ સાથે ઔપચારિક પ્રત્યાર્પણ પ્રસ્તાવ ઓમાન સરકારને મોકલ્યા હતા. ભારત સરકારની વિવિધ એજન્સીઓ, ઇન્ટરપોલની નેશનલ સેન્ટ્રલ બ્યુરો યુનિટ અને ઓમાનની સક્ષમ એજન્સીઓ વચ્ચેના સંકલન બાદ પ્રત્યાર્પણ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. મંજૂરી મળતાં CBIની ટીમ મસ્કત પહોંચી અને તેને ભારત લઈને આવી. ઈઓડબ્લ્યુએ આ કાર્યવાહીમાં સહયોગ માટે ઓમાન સરકાર અને રોયલ ઓમાન પોલીસનો આભાર માન્યો છે. એજન્સીએ જણાવ્યું કે આ બંને દેશોની સંગઠિત આંતરરાષ્ટ્રીય અપરાધ સામેની સંયુક્ત કટિબદ્ધતા દર્શાવે છે.

જનસેવા-સહકારી ક્ષેત્રના તેજસ્વી નેતા નરેન્દ્રસિંહ જાડેજાનો જન્મદિવસ

પત્રકારત્વથી લઈને સહકારી શિખરો સુધીઃ અકિલા પરિવારના તથા 'રાજકોટ મિરર'ના મોભી કે જેઓ સાદગી, ગૌસેવા અને નિષ્ઠાની મૂર્તિ એવા નરેન્દ્રસિંહ જાડેજાની પ્રેરણાદાયી સફર

રાજકોટ, તા. ૧૧

રાજકોટ લોધિકા ખરીદ - વેચાણ સંઘના ચેરમેન, ગોંડલ શહેર ભાજપ પ્રભારી અને જીવન કોમર્શિયલ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર એવા પ્રભાવશાળી નેતા નરેન્દ્રસિંહ જાડેજા આજે ૬૫ વર્ષ પૂરા કરી ૬૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. કોલેજકાળ પૂર્ણ કર્યા બાદ અકિલા પરિવાર સાથે જોડાઈને પત્રકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર નરેન્દ્રસિંહ જાડેજાએ અખબારી જગતમાં અજોડ છાપ ઊભી કરી હતી. નવનિર્માણ આંદોલન દરમિયાન પત્રકાર તરીકેની સક્રિય ભૂમિકા ભજવીને તેમણે લોકપ્રિયતા મેળવી. ત્યારબાદ સહકારી ક્ષેત્રે પદાર્પણ કરીને જીવન કોમર્શિયલ બેન્કના ડિરેક્ટર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે બેન્કને નવી ઊંચાઈઓએ પહોંચાડી હતી. તેમની કુશળ કામગીરીની કદર રૂપે તેમને રાજકોટ-લોધિકા સહકારી સંઘના ચેરમેન પદે પણ રિપીટ કરવામાં આવ્યા છે.

મોટા હોદ્દાઓ છતાં સરળ જીવન અને અનોખી ગૌસેવા

રાજકીય અને સહકારી ક્ષેત્રના મોટા હોદ્દાઓ સંભાળવા છતાં તેમનું જીવન અત્યંત સરળ અને સાદગીપૂર્ણ રહ્યું છે. રોજ સવારે ૫:૦૦ વાગ્યે રાજકોટથી ૨૦ કિમી દૂર આવેલી ગૌશાળા ખાતે પહોંચી જવું અને ત્યાં રહેલી ૨૦૦ જેટલી ગાયોની પ્રેમપૂર્વક સેવા-ચાકરી કરવી એ તેમનો દિનચર્યાનો મુખ્યા ભાગ છે. ગૌશાળાની તમામ ૨૦૦ ગાયોને તેઓ તેમના નામથી બોલાવે છે, જે તેમની અનોખી ગૌભક્તિ દર્શાવે છે.

બેડાઘ છબી અને લોકપ્રિય નેતૃત્વ

વિદ્યાર્થીકાળથી જ સામાજિક અને રાજકીય ક્ષેત્રે સક્રિય રહેલા નરેન્દ્રસિંહ જાડેજાનું જાહેર જીવન સંપાદિત અને 'બેડાઘ' રહ્યું છે. વિરોધ પક્ષના નેતાઓ પણ તેમની કામગીરી અને નિષ્ઠાના વખાણ કરે છે. સહકારી અને રાજકીય સંગઠનમાં સોંપાયેલી દરેક જવાબદારી તેમણે નિષ્ઠાપૂર્વક નિભાવી છે. આજે તેમના ૬૬માં જન્મદિને અકિલા પરિવાર, રાજકોટ મિરર પરિવાર, રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ સ્નેહીઓ મિત્રો દ્વારા તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૦૭૭૭૯૩ પર શુભેચ્છાઓનો અવિરત ધોધ વરસી રહ્યો છે.



ચાલવાથી બ્લડ સુગર નિયંત્રિત થાય ખરું?

આજકાલ ડાયાબિટીસ એક સામાન્ય બીમારી બની ગઈ છે, લોકો બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવા માટે વિવિધ ઉપાયો અજમાવે છે, જેમાં ચાલવાનો પણ સમાવેશ



રાજકોટ, તા. ૧

ચાલવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તે વજન ઘટાડવામાં મદદ કરે છે અને રક્ત પરિભ્રમણમાં સુધારો કરે છે. જોકે, લાખો લોકોના મનમાં એક પ્રશ્ન સતત રહે છે કે શું ચાલવાથી બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ મળે છે. ચાલવું એ બ્લડ સુગરને નિયંત્રિત કરવાની સૌથી સરળ અને અસરકારક રીતોમાંની એક છે. જ્યારે આપણે ચાલીએ છીએ, ત્યારે આપણા સ્નાયુઓને કાર્ય કરવા માટે ઊર્જાની જરૂર હોય છે. આ માટે, શરીર લોહીમાં ગ્લુકોઝનો ઉપયોગ કરે છે, જે બ્લડ સુગરના સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. નિયમિત ચાલવાથી શરીરની ઇન્સ્યુલિન સંવેદનશીલતા પણ સુધરે છે. આનો અર્થ એ છે કે શરીર ઇન્સ્યુલિનનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરે છે અને લોહીમાંથી ગ્લુકોઝને કોષો સુધી પહોંચાડવામાં મદદ કરે છે.

ચાલવાના યોગ્ય સમયની વાત કરીએ તો, ભોજન પછી ચાલવું ફાયદાકારક હોઈ શકે છે. બપોરના ભોજન અથવા રાત્રિભોજન પછી હળવા અથવા મધ્યમ ગતિએ ૧૦ થી ૧૫ મિનિટ ચાલવાથી બ્લડ સુગરમાં ભોજન પછીના વધારાને નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે. ખાસ કરીને રાત્રિભોજન પછી ચાલવું એ લોકો માટે સારો વિકલ્પ છે જેઓ દિવસનો મોટાભાગનો સમય બેસીને વિતાવે છે. જો કે, આનો અર્થ એ નથી કે સવારની ચાલ ફાયદાકારક નથી. સવારની ચાલ હૃદયના સ્વાસ્થ્ય, વજન નિયંત્રણ અને ઇન્સ્યુલિન સંવેદનશીલતાને સુધારવામાં પણ મદદ કરે છે. ડોકટરો લાંબા સમય સુધી એકસાથે ચાલવાને બદલે દિવસભર તમારી પ્રવૃત્તિ જાળવી રાખવાની ભલામણ કરે છે. ૧૦ થી ૧૫ મિનિટ ચાલવાથી શરૂઆત કરો અને ધીમે ધીમે તેને અઠવાડિયામાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ મધ્યમ-તીવ્રતાની શારીરિક પ્રવૃત્તિના લક્ષ્ય સુધી વધારશો. ડાયાબિટીસ ધરાવતા લોકોએ પણ તેમના ચાલવાના દિનચર્યાનું આયોજન કરતી વખતે કેટલીક સાવચેતી રાખવી જોઈએ. જો કોઈ ઇન્સ્યુલિન અથવા દવાઓ લઈ રહ્યું છે જે બ્લડ સુગર ઘટાડી શકે છે, તો તેમણે ચાલતી વખતે હાઈપોગ્લાયકેમિઆ અથવા લો બ્લડ સુગરના જોખમથી વાકેફ રહેવું જોઈએ. એ સમજવું મહત્વપૂર્ણ છે કે ચાલવું એ દવાઓ અથવા સંતુલિત આહારનો વિકલ્પ નથી, પરંતુ એક સારી આદત છે જે બ્લડ સુગર નિયંત્રણને વધુ સારી રીતે જાળવવામાં મદદ કરે છે. આજકાલ ડાયાબિટીસ એક સામાન્ય રોગ બની ગયો છે. લોકો તેમના બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવા માટે વિવિધ પગલાં અજમાવે છે, જેમાં ચાલવાનો પણ સમાવેશ થાય છે. આ પ્રશ્ન ઉભો કરે છે કે શું ચાલવાથી બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

એકવાર સ્ટ્રોકના લક્ષણો દેખાય, પછી દરેક મિનિટ

બીમારીમાં સ્ટ્રોક વધુ ખતરનાક

કિમતી હોય છે. થોડો વિલંબ પણ મૃત્યુ અથવા કાયમી લકવોનું કારણ બની શકે

રાજકોટ, તા. ૧

સ્ટ્રોક એક ગંભીર તબીબી કટોકટી છે, અને સારવાર શરૂ કરવામાં થોડો વિલંબ પણ દર્દીના જીવન અને ભવિષ્યને બદલી શકે છે. મગજને લોહી અને ઓક્સિજન પહોંચાડતી રક્તવાહિનીમાં અવરોધ અથવા ભંગાણને કારણે સ્ટ્રોક થાય છે. જ્યારે ઓક્સિજનનું સ્તર ઘટે છે, ત્યારે મગજના કોષો ઝડપથી નુકસાન પામે છે. સમયસર સારવાર વિના, દર્દીને કાયમી લકવો, બોલવામાં અને સમજવામાં મુશ્કેલી અને ગતિશીલતા સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, ક્યારેક મૃત્યુનું જોખમ પણ વધી જાય છે. તેથી, સ્ટ્રોક પછી તરત જ ડોક્ટરને મળવું ખૂબ



જ મહત્વપૂર્ણ છે. અચાનક મૂંઝવણ, શરીરના એક ભાગમાં નિષ્ક્રિયતા, અથવા અસામાન્ય રીતે તીવ્ર માથાનો દુખાવો પણ સ્ટ્રોકના ગંભીર સંકેતો હોઈ શકે છે. કેટલીકવાર, લક્ષણો થોડીવારમાં દૂર થઈ જાય છે, પરંતુ આનો અર્થ એ નથી કે ભય સમાપ્ત થઈ ગયો છે. આ ક્ષણિક ઇસ્કેમિક હુમલો (ઝઈઅ) હોઈ શકે છે, જેને મોટા સ્ટ્રોકની ચેતવણી ચિહ્ન માનવામાં આવે છે. આવા કિસ્સામાં, તાત્કાલિક તબીબી સહાય મેળવો.

સ્ટ્રોકના લક્ષણો દેખાય કે તરત જ એમ્બ્યુલન્સ અથવા તબીબી સહાય મેળવો. દર્દીને એવી હોસ્પિટલમાં લઈ જાઓ જ્યાં સ્ટ્રોકની યોગ્ય સારવાર કરી શકાય. લક્ષણો ક્યારે પ્રથમ દેખાયા અથવા દર્દી છેલ્લે ક્યારે સામાન્ય સ્થિતિમાં હતો તે સમયની નોંધ લો. આનાથી ડોક્ટર માટે સ્થિતિનું નિદાન કરવાનું સરળ બનશે. દર્દીને તેમના સ્વસ્થ થવાની રાહ જોવડાવો નહીં. તેમને જાતે ખોરાક, પાણી અથવા કોઈપણ દવા આપશો નહીં, કારણ કે સ્ટ્રોક દરમિયાન ગળી જવાથી અસર થઈ શકે છે. એસ્પિરિન જેવી દવાઓ પણ ડોક્ટરની સલાહ વિના આપવી જોઈએ નહીં, કારણ કે સ્ટ્રોક લોહીના ગંઠાવા અને મગજમાં રક્તસ્રાવને કારણે થઈ શકે છે. બંને સ્થિતિઓની સારવાર અલગ અલગ હોય છે. દરેક સ્ટ્રોક લોહીના ગંઠાવાને કારણે થતો નથી. કેટલાક કિસ્સાઓમાં, મગજમાં રક્તવાહિની ફાટવાથી અથવા મગજના એન્યુરિઝમ ફાટવાથી રક્તસ્રાવ થઈ શકે છે. આવા દર્દીઓમાં, બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવું, જરૂર પડે તો લોહી પાતળા કરવાની દવાઓની અસરોને ઉલટાવી દેવી અને સમયસર ન્યુરોસર્જિકલ અથવા એન્ડોવાસ્ક્યુલર સારવાર લેવી મહત્વપૂર્ણ છે.

ઝેરી હવા ફેફસાંને જ નહીં હૃદય, મગજ-ચેતાને પણ નુકસાન પહોંચાડે

PM ૨.૫ જેવા અત્યંત નાના હવાયુક્ત પ્રદૂષકો શ્વસનતંત્ર દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે અને ફેફસાંની બહાર રક્ત વાહિનીઓમાં જાય

રાજકોટ, તા. ૧

આપણે ઘણીવાર વાયુ પ્રદૂષણને શ્વસન અને ફેફસાની સમસ્યાઓ સુધી મર્યાદિત માનીએ છીએ. પરંતુ શું તમે જાણો છો કે તે ઘણા મહત્વપૂર્ણ અવયવોને પણ અસર કરે છે? પ્રદૂષિત હવાના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી બળતરા થઈ શકે છે અને ઓક્સિડેટીવ તણાવ વધી શકે છે. આ રક્ત વાહિનીઓના કાર્યને અસર કરે છે, ધીમે ધીમે બ્લડ પ્રેશર વધે છે. હાઈ બ્લડ પ્રેશર હૃદય પર તણાવ વધારે છે અને હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ વધારી શકે છે. આ ખાસ કરીને એવા લોકો માટે સાચું



છે જેઓ પહેલાથી જ હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગથી પીડાય છે. વધુમાં, વાયુ પ્રદૂષણ રક્ત વાહિનીઓના આંતરિક અસ્તરને પણ અસર કરી શકે છે. આ તેમની સ્થિતિસ્થાપકતા ઘટાડી શકે છે અને ધમનીઓમાં પ્લેક જમા થવાનું જોખમ વધારી શકે છે. ૨.૫ જેવા અત્યંત નાના હવાયુક્ત પ્રદૂષકો શ્વસનતંત્ર દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે અને ફેફસાંની બહાર રક્ત વાહિનીઓમાં જાય છે. આ મગજના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. ખાસ કરીને, પ્રદૂષિત હવાના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી મગજના સ્વાસ્થ્યને પણ અસર થઈ શકે છે.

ઘરની બહાર નીકળતા પહેલા, ચોક્કસપણે તમારા વિસ્તારનો અચૂક તપાસો. તમારા ઘરમાં એર પ્યુરિફાયરનો ઉપયોગ કરો. જો બહારનું પ્રદૂષણ વધારે હોય, તો તે સમયે બહાર જવાનું ટાળો. જ્યારે પણ તમારે ઘરની બહાર નીકળવાનું હોય, ત્યારે તે સમયે માસ્કનો ઉપયોગ કરો. સવારે અને સાંજે જ્યારે પ્રદૂષણનું સ્તર વધારે હોય ત્યારે કસરત માટે બહાર જવાનું ટાળો. શરીરને હાઇડ્રેટેડ રાખો જેથી શરીરમાં પ્રવેશેલા ઝેરી તત્વોને દૂર કરવામાં મદદ મળે. બહારથી ઘરે પાછા ફર્યા પછી હાથ અને ચહેરો સારી રીતે ધોઈ લો. ઘરની અંદર સ્પાઈડર પ્લાન્ટ, સ્નેક પ્લાન્ટ અથવા પીસ લિલી જેવા છોડ રાખો, જે હવાને કુદરતી રીતે શુદ્ધ કરવામાં મદદ કરે છે.


ફેટી લીવરને ઘટાડવામાં કસરત કારગત?

લોકોને ઘણીવાર વજન ઘટાડવા, યોગ્ય આહાર અને નિયમિત કસરત કરવાની અપાતી સલાહ

રાજકોટ, તા. ૧

તમારા લીવરને સ્વસ્થ રાખવા માટે દવાની જરૂર નથી. તંદુરસ્ત જીવનશૈલી, જેમાં દૈનિક કસરત અને સ્વસ્થ આહારનો સમાવેશ થાય છે, વર્ષો સુધી સ્વસ્થ અને મજબૂત લીવર જાળવી રાખવામાં મદદ કરી શકે છે. અભ્યાસો પણ આ વાતને સમર્થન આપે છે. ફેટી લીવર ધરાવતા લોકોને ઘણીવાર વજન ઘટાડવા, સ્વસ્થ ખાવા અને નિયમિત કસરત કરવાની સલાહ આપવામાં આવે છે જેથી લીવરની ચરબી ઓછી થાય. આઠ અઠવાડિયાની પ્રતિકાર તાલીમથી લીવરની ચરબી લગભગ ૧૩% ઓછી થઈ ગઈ. ઇન્સ્ટાગ્રામ પર શેર કરેલી એક પોસ્ટમાં, તેમણે લખ્યું, ''ફેટી લીવર, તમે વજન ઘટાડ્યા વિના લીવરની ચરબી ઘટાડી શકો છો. લીવરના સ્વાસ્થ્ય માટે સૌથી ઓછી આદતોમાંની એક સ્ટ્રેન્થ ટ્રેનિંગ છે!'' સ્ટ્રેન્થ ટ્રેનિંગમાં ડમ્બેલ્સ ઉપાડવા, રેઝિસ્ટન્સ બેન્ડનો ઉપયોગ કરવા અને બોડીવેઇટ કસરતો જેવી કસરતોનો સમાવેશ થાય છે. ડો. સેઠીના મતે, આ કસરતો ઇન્સ્યુલિન સંવેદનશીલતામાં સુધારો કરી શકે છે અને શરીરને બ્લડ સુગરનો વધુ કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવામાં મદદ કરી શકે છે.

સ્ટ્રેન્થ ટ્રેનિંગ સ્નાયુઓને ગ્લુકોઝનો વધુ કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવામાં મદદ કરે છે અને સ્વસ્થ ચરબી ચયાપચયને ટેકો આપે છે. આ ફેરફારો મેટાબોલિક સ્વાસ્થ્યને સુધારી શકે છે, ભલે વ્યક્તિનું વજન બદલાતું ન હોય. ડોકટરોના મતે, સ્ટ્રેન્થ ટ્રેનિંગ ઇન્સ્યુલિન સંવેદનશીલતામાં સુધારો કરે છે, તમારા સ્નાયુઓને ગ્લુકોઝનો



વધુ કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવામાં મદદ કરે છે, સ્વસ્થ ચરબી ચયાપચયને ટેકો આપે છે અને સ્કેલ પર પ્રતિબિંબિત થાય છે તેનાથી આગળ મેટાબોલિક સ્વાસ્થ્યમાં સુધારો કરે છે. તમારે અઠવાડિયામાં ૨-૩ વખત સ્ટ્રેન્થ ટ્રેનિંગ કરવી જોઈએ. અઠવાડિયામાં ૨-૩ વખત રેઝિસ્ટન્સ બેન્ડ, ડમ્બેલ્સ અથવા બોડીવેઇટ કસરતોથી શરૂઆત કરો. વજન મશીન પર સંખ્યા સમાન રહે તો પણ લીવરનું સ્વાસ્થ્ય સુધરી શકે છે. ત્રણ પીણાં પણ છે જે ફેટી લીવર રોગ ધરાવતા લોકોમાં લીવરના સ્વાસ્થ્યને ટેકો આપવામાં મદદ કરી શકે છે. આમાં બીટરૂટનો રસ, કોફી અને ગ્રીન ટીનો સમાવેશ થાય છે. બીટરૂટના રસમાં એન્ટીઑકિસડન્ટ હોય છે જે લીવરના કોષોને સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે. જો કે, તેઓ તેને મધ્યમ માત્રામાં પીવાની ભલામણ કરે છે કારણ કે તેમાં કુદરતી ખાંડ હોય છે. ડો. સેઠી કોફી પીવાની પણ ભલામણ કરે છે, એમ કહેતા કે તે ફેટી લીવર અને લીવરના ડાઘનું જોખમ ઘટાડી શકે છે. તેઓ તેને ખાંડ વિના પીવાની ભલામણ કરે છે. ગ્રીન ટી એ બીજું પીણું છે જે તેઓ ભલામણ કરે છે. તેઓ સમજાવે છે કે તેમાં એન્ટીઑકિસડન્ટ હોય છે જે લીવરમાં ચરબીના સંચયને ઘટાડવામાં મદદ કરી શકે છે. ફેટી લીવરનો ઉપચાર આહાર અને કસરત દ્વારા કરી શકાય છે. માત્ર વજન ઘટાડવું જ નહીં પણ આ કસરતો પણ લીવરમાં ચરબીના સંચયને ઘટાડવામાં મદદ કરી શકે છે. ફેટી લીવર ઘટાડવા માટે કઈ કસરતો કરવી જોઈએ તે જાણો.

ગુજરાત રાજ્યમાં સરકારી શાળાઓમાં શૈક્ષણિક માળખાની પોલ ખોલતા આંકડા

રાજકોટ જિલ્લામાં શિક્ષણની હાલત કફોડી

સેંકડો ખાલી જગ્યાઓ વચ્ચે રામભરોસે ચાલતું વિદ્યાર્થીઓનું ભવિષ્ય

રાજકોટ, તા. ૧

ગુજરાત રાજ્યમાં શિક્ષણ જગતની વાસ્તવિક પરિસ્થિતિ દિવસેને દિવસે અત્યંત ચિંતાજનક બનતી જઈ રહી છે અને સરકારી શાળાઓમાં શૈક્ષણિક માળખાની પોલ ખોલતા આંકડાઓ સામે આવ્યા છે. હાલની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બાવીસ હજારથી વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે, જે શિક્ષણ સ્તર પર મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. સરકાર દ્વારા દર વર્ષે નવી શિક્ષણ નીતિઓના મોટા દાવાઓ કરવામાં આવે છે અને અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે, પરંતુ પૂરતા પ્રમાણમાં કાયમી શિક્ષકોની ભરતી ન થવાના કારણે આ તમામ દાવાઓ કાગળ પર જ સીમિત રહ્યા છે.

જો વાત કરવામાં આવે તો માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં જ શાળાઓની હાલત અત્યંત દયનીય અને કફોડી બની ચૂકી છે. આ વિસ્તારોની એક હજારથી વધુ શાળાઓમાં હાલ નવ હજાર ચારસો બાણું શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. જેમાં સૌથી ખરાબ સ્થિતિ કચ્છ જિલ્લાની છે, જ્યાં એકલા કચ્છમાં જ બે હજાર સાતસો સત્તાવીસ જગ્યાઓ ખાલી હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારોનું શિક્ષણ રામભરોસે ચાલી રહ્યું છે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકામાં એક હજાર દસ, અમરેલીમાં આઠસો પાંત્રીસ, સુરેન્દ્રનગરમાં સાતસો ઓગણત્રીસ અને રાજકોટ જિલ્લામાં પાંચસો બેસઠ જેટલી જગ્યાઓ ખાલી છે. આ સિવાય બોટાદ, જૂનાગઢ, પોરબંદર, મોરબી તેમજ ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં પણ સેંકડો શૈક્ષણિક જગ્યાઓ ખાલી હોવાથી શિક્ષણનું સ્તર સતત કથળી રહ્યું છે.

ગ્રામ્ય અને આંતરિયાળ વિસ્તારોમાં પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે અનેક શાળાઓમાં ધોરણ એકથી પાંચ અથવા છ થી આઠ ના તમામ



વિષયો ભણાવવા માટે માત્ર એક જ શિક્ષક ઉપલબ્ધ હોય છે. એક જ શિક્ષક આખી શાળા સંભાળતા હોવાથી ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ભાષાઓ જેવા મહત્વના વિષયોના શિક્ષણ પર સીધી માઠી અસર પડે છે. સરકાર દર વર્ષે શૈક્ષણિક સત્ર શરૂ થતા પહેલા સમયપત્રક અને કેલેન્ડર જાહેર કરી દે છે, જેમાં શાળાઓ શરૂ થવાની તારીખોથી લઈને પરીક્ષાઓ સુધીની તમામ વિગતો હોય છે, પરંતુ સમયસર શિક્ષકોની કાયમી ભરતી ન થવાને કારણે આ વાર્ષિક આયોજનોનો કોઈ નક્કર ફાયદો વિદ્યાર્થીઓને મળતો નથી.

શાળાઓમાં શિક્ષકોની ઘટ હોવાને કારણે વાલીઓ આર્થિક રીતે સક્ષમ ન હોવા છતાં પણ પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં મોકલવા માટે મજબૂર બને છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર મોટો આર્થિક બોજ સાબિત થઈ રહ્યો છે. સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવતા પ્રોફેશનલ્સ જેવા દેખાતા વહીવટી વલણને કારણે બીજી તરફ ખાલી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે વાલીઓ મજબૂર બન્યા છે. જો સમયસર આ ખાલી જગ્યાઓ ભરવામાં નહીં આવે અને શિક્ષણ ખાતા દ્વારા યોગ્ય અને કાયમી પગલાં નહીં લેવાય, તો સરકારી શિક્ષણ પ્રણાલી પરથી સામાન્ય જનતાનો વિશ્વાસ હંમેશ માટે ડગી જશે અને શિક્ષણનું સ્તર વધુ નીચે જતું અટકાવી શકાશે નહીં.

સૌરાષ્ટ્ર-કચ્છ પંથકમાં વિકટ પરિસ્થિતિ

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં શાળાઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. માત્ર આ જ ક્ષેત્રની ૧૦૦૦થી વધુ શાળાઓમાં ૯,૪૯૨ શિક્ષકોની જગ્યાઓ ખાલી છેઃ કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૨,૭૨૭ જગ્યાઓ ખાલી છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોના શિક્ષણ પર સૌથી મોટો ફટકો પડ્યો છે. દેવભૂમિ દ્વારકામાં ૧,૦૧૦, અમરેલીમાં ૮૩૫, સુરેન્દ્રનગરમાં ૭૨૯, અને રાજકોટમાં ૫૬૨ જેટલી જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત બોટાદ, જૂનાગઢ, પોરબંદર, મોરબી અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં પણ સેંકડો શૈક્ષણિક જગ્યાઓ ખાલી હોવાથી શાળાઓ પ્રભાવિત થઈ રહી છે.

કમલમથી 'લોકતંત્ર બચાવો' અભિયાનનો શંખનાદ!

કોંગ્રેસના 'અરાજકતાના ખેલ' સામે ભાજપનો પલટવાર

કમલમમાં પ્રદેશ નેતૃત્વની હાઇ-વોલ્ટેજ બેઠક, આજ અને ૫ નવેમ્બરે રાજકોટ-સુરતમાં કેન્દ્રીય મંત્રીઓની ગર્જના સાથે પત્રકાર પરિષદો યોજાશે



રાજકોટ, તા. ૧

ગાંધીનગરના કોબા સ્થિત ભાજપ મુખ્યાલય 'કમલમ' ખાતે સંગઠનની એક ઉચ્ચ સ્તરીય અને અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ પ્રભારી તરુણ ચુગની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ મંથન બેઠકમાં પ્રદેશ નેતા અજય મહાવર, ગોમતી સહાય, રત્નાકરજી સહિત ચારેય ઝોનના ઇન્ચાર્જ મહામંત્રીઓ અને સંગઠનના ટોચના અગ્રણીઓ ખાસ હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન વીતેલા મહિનામાં યોજાયેલા વિવિધ સંગઠનાત્મક કાર્યો, પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકની પૂર્ણતા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ભાજપના મુખ્ય પ્રવક્તા અનિલ પટેલે વિપક્ષી ગઠબંધન અને કોંગ્રેસ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષો દ્વારા દેશભરમાં અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બંધારણીય અને લોકતાંત્રિક મર્યાદાઓમાં રહીને મુદ્દાઓની રજૂઆત કરવાના બદલે દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવીને આંદોલનો કરવામાં આવી રહ્યા છે. વિપક્ષના આ નકારાત્મક વલણ સામે જનજનમાં જાગૃતિ લાવવાના હેતુથી જ ભાજપ દ્વારા સમગ્ર રાજ્યમાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' શિર્ષક હેઠળ વ્યાપક પદયાત્રાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ જનજાગૃતિ અભિયાનના આગામી તબક્કાના ભાગરૂપે પ્રદેશ ભાજપ દ્વારા બે મહત્વની પત્રકાર પરિષદોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૨ નવેમ્બરના રોજ રાજકોટ ખાતે કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાય અને તા. ૫ નવેમ્બરના રોજ સુરત ખાતે કેન્દ્રીય મંત્રી એસ.પી. બઘેલની વિશેષ ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજાશે. બેઠકમાં એવો પણ નિર્ણાયક સંકલ્પ લેવાયો હતો કે દિવાળીના તહેવાર પૂર્વે તેમજ દિવાળી બાદ પણ લોકશાહીના રક્ષણ માટે ભાજપનું આ જનજાગૃતિ અભિયાન સમગ્ર રાજ્યમાં વધુ તીવ્ર અને વેગવંતુ બનાવવામાં આવશે.

'ટીપી' ની મંજૂરી વગર વેરા પુસ્તકે ચઢવું અશક્ય!

મનપાનો નવો અઘરો નિયમ : સુચિત બાંધકામો માટે કાગળની પૂજા પૂરી : સોસાયટીથી લઈને સોગંદનામા સુધીની શરતો

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા શહેરમાં સરકારી જમીનો પર થતા દબાણો તથા અન્ય ગેરકાયદે બાંધકામોને કાયમી ધોરણે અટકાવવા માટે એક અત્યંત કડક અને મહત્વનો નવો નિયમ અમલમાં મૂકવામાં આવ્યો છે. હવેથી કોઈપણ નવા બાંધકામની મંજૂરી મેળવ્યા બાદ જ વેરા વિભાગમાં મિલકતની નોંધણી કરવામાં આવશે અને આકારણી કરી વેરાબિલ આપવામાં આવશે. ખાસ કરીને, વીજમીટર આવ્યા બાદ જ કમ્પ્લીશન અથવા મંજૂરી પત્ર માન્ય ગણવામાં આવશે તેવી સ્પષ્ટતા તંત્ર દ્વારા કરવામાં આવી છે. વેરા વિભાગ દ્વારા સુચિત બાંધકામો માટે વિશેષ ગાઈડલાઈન બનાવવામાં આવી છે. આ નિયમ મુજબ, અરજદારે સોસાયટીનું પ્રમાણપત્ર, જમીનનો લે-આઉટ પ્લાન અને પોતાનું સોગંદનામું ટીપી વિભાગમાં રજૂ કરવાનું રહેશે. ત્યાંથી મળેલી મંજૂરીના આધારે જ માત્ર વેરાની આકારણી કરી મિલકતની નોંધણી કરવામાં આવશે, પરંતુ



આ પ્રક્રિયાથી જમીન માલિક અંગેના કોઈ પણ કાયદાકીય હક્ક મળવાપાત્ર થશે નહીં તેવી સ્પષ્ટ ચોખવટ પણ કરવામાં આવી છે. આ મંજૂરી મેળવ્યા બાદ જ વેરાબિલ સહિતની મનપાની સુવિધાઓ મેળવવાપાત્ર બને છે.

રાજકોટ મહાનગરપાલિકાની આકારણીના રેકર્ડનો ઉપયોગ મિલકતધારક દ્વારા પી.જી.વી.સી.એલ. તથા ગેસ કનેક્શન માટે તેમજ પોલીસ અને કોર્ટ દ્વારા મિલકતોની ઓળખ માટે આધાર પુરાવા તરીકે લેવામાં આવે છે. ભૂતકાળમાં રાજકોટ મહાનગરપાલિકાની આકારણીનો આધાર લઈ ગેરકાયદે દબાણો દૂર કરવાની પ્રક્રિયામાં ગેરકાયદે બાંધકામોના આસામીઓને સ્ટે ઓર્ડર આપવાના અનુભવોને ધ્યાનમાં રાખીને જ ટીપી વિભાગનો અભિપ્રાય મેળવ્યા બાદ જ આકારણીની પ્રક્રિયા હાથ ધરવાનો નવો નિયમ અમલમાં મૂકવામાં આવ્યો છે. જોકે, એન.ઓ.સી. મેળવવામાં થતા વિલંબ તથા સ્થાનિક સંજોગોના કારણે આકારણીની કામગીરીમાં જે વિલંબ થતો હોય છે, તેનો પણ હવે ત્વરિત નિકાલ કરવામાં આવશે. શહેરના સ્લમ વિસ્તારો મોટાભાગે સરકારી જમીનોના ખરાબામાં બનાવવામાં આવ્યા હોવાથી તે કોઈપણ સમયે ડિમોલિશનને પાત્ર બને છે. આ કારણોસર આવી મિલકતોનો વેરો વસૂલ થઈ શકતો નથી અને ખોટા માગણાં પણ સતત વધતા રહે છે, જેના લીધે અવારનવાર કોર્ટ કાર્યવાહીનો પણ સામનો કરવો પડે છે. આ તમામ જટિલતાઓને નિવારવા અને વેરા વિભાગની કામગીરી વધુ પારદર્શક બનાવવા માટે હવે ટીપી વિભાગનો અભિપ્રાય ફરજિયાત બનાવવામાં આવ્યો છે.

ગુજરાતના અર્થતંત્રમાં 'બમ્પર ઉછાળો'

ઓક્ટોબરમાં GST આવક ૧૩,૫૧૬ કરોડને પાર! : એક જ વર્ષમાં ૧૬% નો જંગી ગ્રોથ

રાજકોટ, તા. ૧

ગુજરાતનું અર્થતંત્ર ઉત્તરોત્તર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે અને રાજ્યની આર્થિક મજબૂતાઈ વધુ એકવાર આંકડાકીય રીતે સાબિત થઈ છે. ચાલુ વર્ષે ઓક્ટોબર ૨૦૨૬ના માસમાં રાજ્યની જીએસટી (GST) આવક વધીને ૧૩૫૧૬ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ગત વર્ષે ઓક્ટોબર ૨૦૨૫માં આ આવક ૧૧૬૧૩ કરોડ રૂપિયા નોંધાઈ હતી. આમ, માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં રાજ્યના કર સંગ્રહમાં સીધો ૧૬ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે, જે ગુજરાતના ઉદ્યોગો, વેપાર અને બજારમાં રહેલી અદભૂત તેજીની સાક્ષી પૂરે છે.

રાજ્યમાં તહેવારોની મોસમ અને વ્યાપારિક પ્રવૃત્તિઓના કારણે ટેક્સ કલેક્શનમાં આ જંગી વધારો થયો છે. નાણાકીય નિષ્ણાતોના મતે, ઓક્ટોબર મહિના દરમિયાન નવરાત્રી અને દિવાળી જેવા મુખ્ય તહેવારોને કારણે ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, ટેક્સટાઈલ અને રિટેલ માર્કેટમાં ખરીદીનું જોર અભૂતપૂર્વ રહ્યું હતું. ગ્રાહકો દ્વારા થયેલી ખરીદી અને ઉદ્યોગો દ્વારા નિયમિત ટેક્સ ભરપાઈ થવાને કારણે જીએસટીના આંકડામાં આટલો મોટો ઉછાળો નોંધાયો છે.

ગુજરાત સરકાર દ્વારા કરચોરી અટકાવવા માટે ટેકનોલોજી આધારિત સિસ્ટમ અને સઘન ચેકિંગની જે નીતિ અપનાવાઈ છે, તેનાથી પણ પારદર્શિતા વધી છે અને આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. આ જંગી આવકથી રાજ્ય સરકારને પાયાની સગવડો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને જનકલ્યાણની યોજનાઓ માટે મજબૂત નાણાકીય બળ મળી રહેશે. ૧૬ ટકાનો આ વાર્ષિક ગ્રોથ સ્પષ્ટ સંકેત આપે છે કે ગુજરાત દેશના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે પોતાની અગ્રેસર ભૂમિકા અવિરત જાળવી રહ્યું છે.



કમ્પ્યુટર હાર્ડ ડિસ્ક, ડિજિટલ ડેટા અને હિસાબી ચોપડાઓ સીઝ

જસદણમાં ED ત્રાટકતા વકીલોમાં ફફડાટ

દિલ્હીથી અચાનક ત્રાટકેલી સ્પેશિયલ ટીમે સ્થાનિક પોલીસ-વહીવટને અંધારામાં રાખી સેવા સદન સામે જ ઘેરાબંધી કરી; કરોડોના બેનામી વ્યવહારો અને મોટા ગજાના માથાઓ પર લટકતી તલવાર!

રાજકોટ, તા. ૧

રાજકોટ જિલ્લાના જસદણ પંથકમાં વહેલી સવારથી જ અસાધારણ હલચલ અને સનસનાટી મચી ગઈ છે કારણ કે કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડીની દિલ્હીથી આવેલી સ્પેશિયલ ટીમે અહીં અચાનક દરોડાની આક્રમક કાર્યવાહી હાથ ધરી છે આ ઓપરેશન શરૂ થતાં જ સ્થાનિક વેપારીઓ અને વહીવટી વર્તુળોમાં ભારે ફફડાટ ફેલાયો છે સૌથી મોટી ચોંકાવનારી વાત એ છે કે આ તપાસ ટીમ કોઈ પણ પ્રકારની સ્થાનિક પોલીસ કે વહીવટી તંત્રને જાણ કર્યા વિના સીધી જ સ્થળ પર પહોંચી ગઈ હતી જેના કારણે સમગ્ર તાલુકામાં ચર્ચાનો માહોલ પૂરજોશમાં ગરમાયો છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર જસદણ તાલુકા સેવા સદનની બરાબર સામે આવેલી એક ઓફિસને કેન્દ્રીય એજન્સીએ નિશાન બનાવી છે અને આ ઓફિસ વકીલ રામ મકવાણાની માલિકીની હોવાનું સામે આવ્યું છે જ્યારે ટીમ સ્થળ પર પહોંચી ત્યારે આ ઓફિસ બહારથી સંપૂર્ણપણે બંધ હાલતમાં હતી જેથી તપાસ અધિકારીઓએ વિલંબ કર્યા વિના ખાસ સીડીની વ્યવસ્થા કરીને પ્રથમ માળે પ્રવેશીને દુકાનના તાળા તોડી નાખ્યા હતા અને ઓફિસની અંદર પ્રવેશતાની સાથે જ અધિકારીઓએ તમામ મહત્વપૂર્ણ દસ્તાવેજો પોતાના કબજે લઈ લીધા હતા અને હાલ બંધ બારણે સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે પ્રાથમિક સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ આ તપાસ ખૂબ જ મોટા આર્થિક વ્યવહારો અને મની લોન્ડરિંગ સાથે



સંકળાયેલી છે કારણ કે એજન્સીને અગાઉથી જ કેટલાક અત્યંત શંકાસ્પદ નાણાકીય વ્યવહારોની ગુપ્ત માહિતી મળી હતી.

જેના આધારે આ રેડ પાડવામાં આવી છે અને ઓફિસમાંથી અનેક ડિજિટલ રેકોર્ડ્સ કમ્પ્યુટર હાર્ડ ડિસ્ક તેમજ શંકાસ્પદ હિસાબી ચોપડાઓ તપાસ હેઠળ લેવાયા છે આ તપાસના અંતે કરોડો રૂપિયાના બેનામી નાણાકીય વ્યવહારો તેમજ મની લોન્ડરિંગના મોટા પુરાવા ખુલ્લા પડી શકે છે તેવી પ્રબળ સંભાવના સેવાઈ રહી છે એટલું જ નહીં પરંતુ આ રેડના તાર ગુજરાત અને દેશના કેટલાક મોટા માથાઓ સાથેના નાણાકીય જોડાણો સુધી લંબાયા હોવાની પણ ચર્ચાઓ વહેતી થઈ છે.

તાલુકા સેવા સદન જેવા અત્યંત વ્યસ્ત અને સરકારી કચેરીઓ ધરાવતા વિસ્તારમાં આ પ્રકારે અચાનક કેન્દ્રીય એજન્સી ત્રાટકતા લોકોના ભારે ટોળા એકઠા થઈ ગયા હતા અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને બિલ્ડિંગની આસપાસ પોલીસ અને સુરક્ષાનો ચુસ્ત જામો ગોઠવી દેવામાં આવ્યો છે જેથી કોઈ પણ અનધિકૃત વ્યક્તિને અંદર પ્રવેશવા દેવામાં આવી રહ્યો નથી દિલ્હીથી આવેલી આ સ્પેશિયલ ટીમ હાલ તમામ બાબતોની ઊંડાણપૂર્વક છાનબીન કરી રહી છે અને સાંજ સુધીમાં આ હાઈ-પ્રોફાઈલ સર્ચ ઓપરેશનમાં મોટા ખુલાસા થઈ શકે છે હાલ તો સમગ્ર રાજકોટ જિલ્લામાં ઈડીની આ દરોડાની ઘટના 'ટોક ઓફ ધ ટાઉન' બની ગઈ છે અને સમગ્ર પંથકના રાજકીય તેમજ વેપારી આલમમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે.

આબરુના ધજાગરા

મોટા માથાના ચમકતા ચહેરા ગાભામાં છુપાવવા પડ્યા



રાજકોટના કાલાવડ રોડ પર આવેલી આલીશાન સરાઝા હોટલમાં પોલીસ ટીમે દરોડો પાડીને એક હાઈપ્રોફાઈલ દારૂની મહેફિલ પકડી પાડી છે. બર્થડે સેલિબ્રેશનના નામે ચાલતી આ પાર્ટીમાં એક ખ્યાતનામ ગ્રુપના સભ્યોની હાજરી ખૂલતાં ભારે ચકચાર મચી ગઈ છે. જન્મદિને ગેરકાયદે દારૂ પાર્ટી યોજાઈ હતી. મોટા માથાં વટથી આવ્યા હતા, પણ મોં છૂપાવવું ભારે પડ્યું. નબીરા જ નહિ,નબીરીઓ પણ કમ નથી. પોલીસની રેડ પડતા જ મહેફિલમાં હાજર લોકોની હવા નિકળી ગઈ હતી.

આ સમગ્ર ઘટના માત્ર એક પોલીસ રેડ કે સમાચાર પૂરતી નથી, પરંતુ આ એક ગંભીર સામાજિક સમીક્ષાનો વિષય છે. આયોજકો ભલે ગમે તેટલા ધનાઢ્ય અને પ્રભાવશાળી હોય, પરંતુ તેઓ અસલમાં મૂર્ખ જ ગણાય. ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં છે તેની સૌ કોઈને ખબર છે. દારૂ પાર્ટી કરવી જ હોય તો બાજુના રાજ્યમાં મોજથી ન થાય? પોતાના જ રાજ્યમાં કાયદાની સરાસર ધજાગરા ઉડાડીને આવી છૂપી મહેફિલો યોજવી તે બુદ્ધિહીનતાની પરાકાષ્ઠા દર્શાવે છે. થોડીક ક્ષણોની મજા માટે પોતાની આબરૂ અને શાખ દાંવ પર લગાવી દેવી તે ડહાપણ છે?

પાર્ટીમાં ૩૩ મહિલાઓ અને ૪૩ પુરુષો સહિત કુલ ૭૬ જેટલા લોકો હાજર હોવાનું સામે આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકામાં મેનપાવર સપ્લાયરનું કામકાજ સંભાળતા શખ્સો અને તેમના પરિજનો પણ આ મહેફિલમાં સામેલ હતા. પોલીસ દરોડાની સાથે જ હોટલની લાઈટો અચાનક ગુલ થઈ જવાની ઘટના પણ અનેક શંકાઓને જન્મ આપે છે. રેડ બાદ જ્યારે આ તમામ લોકોને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, ત્યારે અસલી તમાશો શરૂ થયો. મીડિયાના કેમેરાથી બચવા અને ઓળખ છુપાવવા માટે હાઈપ્રોફાઈલ નબીરાઓ અને મહિલાઓએ પોતાના ચહેરા ગાભા, રૂમાલ તથા ખુરશીના કવર વડે ઢાંકી દીધા હતા.

સમાજમાં મોભો ધરાવતા આ ચહેરાઓની વાસ્તવિકતા ખુલ્લી પડી ગઈ હતી. ૩૩ મહિલાઓના બ્લડ સેમ્પલ લીધા બાદ તેમને છોડી મૂકવામાં આવી હતી, જ્યારે પુરુષો અને હોટલ સ્ટાફ સામે કાગળ પરની કાર્યવાહી ચાલી રહી છે. કાયદાની આંખોમાં ધૂળ નાખીને ચાલતા આ ખેલ બાદ હવે ભીનું સંકેલવાના પ્રયાસો શરૂ થઈ ચૂક્યા છે. પોલીસ પકડમાંથી બચવા માટે આરોપીઓ દ્વારા અદાલતોમાં જામીન માટે ફાંફા મારવામાં આવી રહ્યા છે. સામાન્ય જનતામાં એવી પ્રબળ શંકા છે કે આ સમગ્ર કૌભાંડ બાદ વરઘી યા અને વ્યવહારોના ચક્કરમાં પોલીસની દિવાળી સુધરી ગઈ છે. ધનાઢ્ય લોકો પોતાના પૈસાના જોરે ગમે તેવા કાયદાને નમાવવાની ઘેલછા રાખે છે, પરંતુ જ્યારે આબરૂના ધજાગરા ઉડે છે ત્યારે અસલી ચહેરો છુપાવવો જ પડે છે.

દુષ્કાળ-ગરમીનું જોખમ ૩૫ ટકા થયું

શું અલ નીનો કટોકટીને વધુ ખરાબ કરશે?



નવીદિલ્હી, તા. ૧

પેસિફિક મહાસાગરમાં ઝડપથી મજબૂત થઈ રહેલો અલ નીનો ભારતના ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્ર માટે એક નવો પડકાર ઉભો કરી શકે છે. નવીનતમ વિશ્વ હવામાન સંગઠન (ડબ્લ્યુ) અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અલ નીનો ચાલુ રહેવાની લગભગ ૧૦૦% શક્યતા છે. આનાથી તાપમાનમાં વધારો, વરસાદની પેટર્નમાં ફેરફાર અને પાણીની અછતનું જોખમ વધી શકે છે. ભારતમાં આ ખાસ કરીને ચિંતાજનક છે કારણ કે સંયુક્ત દુષ્કાળ અને ગરમીના મોજાની ઘટનાઓની આવર્તન પહેલાથી જ વધી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, ૧૯૫૧ અને ૨૦૧૬ ની વચ્ચે એક સાથે દુષ્કાળ અને ગરમીના મોજાની ઘટનાઓથી પ્રભાવિત ભારતનો હિસ્સો ૧૦% થી વધીને ૩૫% થયો છે. આનો અર્થ એ છે કે આવી હવામાન આફતોથી પ્રભાવિત ભૌગોલિક વિસ્તાર લગભગ ૬૫ વર્ષોમાં ત્રણ ગણો વધી ગયો છે. સંશોધનમાં એ પણ બહાર આવ્યું છે કે આ ઘટનાઓનું જોખમ પરંપરાગત રીતે શુષ્ક ઉત્તરપશ્ચિમ ભારતથી આગળ ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આસામ જેવા પ્રમાણમાં વધુ ભેજવાળા રાજ્યોમાં વિસ્તર્યું છે.

આ વધતું જોખમ કૃષિ અને ગ્રામીણ આજીવિકા પર સીધી અસર કરી શકે છે. સંશોધન મુજબ, તીવ્ર દુષ્કાળ અને ગરમીના મોજા સાથેના વર્ષોમાં, દેશમાં ચોખાના ઉત્પાદનમાં ૧૨.૧% સુધીનો ઘટાડો થયો છે. દરમિયાન, ઘઉંના દાણા ભરતી વખતે તાપમાનમાં ૧ઓઈ નો વધારો થવાથી ઉપજમાં ૩-૪% ઘટાડો થઈ શકે છે. પરિણામે, મજબૂત અલ નીનો ઘટના દરમિયાન વરસાદનો અભાવ અને ગરમીમાં વધારો ખેડૂતોના પાક, ખેતમજૂરોની કમાણી, પશુધન અને ગ્રામીણ પાણીની ઉપલબ્ધતા પર દબાણ લાવી શકે છે. અલ નીનો એ એક મોસમી ઘટના છે જે મધ્ય અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં દરિયાઈ સપાટીના તાપમાન કરતાં વધુ હોય છે. આ વૈશ્વિક હવામાન અને વરસાદના પેટર્નને અસર કરે છે. ભારતમાં, અલ નીનો ઘટના દરમિયાન ચોમાસાના વરસાદ નબળા પડવાની સંભાવના વધે છે. જો કે, દરેક અલ નીનો દરમિયાન ભારતમાં દુષ્કાળ અનિવાર્ય નથી. વાસ્તવિક અસર સમુદ્રના તાપમાન, ચોમાસાની સ્થિતિ અને અન્ય હવામાન પરિબળો પર આધારિત છે.

આ વર્ષે, ચિંતા વધુ છે કારણ કે, અલ નીનોના મજબૂત થવા સાથે, વિશ્વના ઘણા ભાગોમાં તાપમાન વધવાની ધારણા છે. ગરમી અને દુષ્કાળની એક સાથે ઘટના પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. જ્યારે જમીનની ભેજ ઓછી હોય છે, ત્યારે પાણીનું બાષ્પીભવન ધીમું પડે છે. આના કારણે જમીન અને આસપાસની હવા ગરમ થાય છે. બીજી તરફ, વધતા તાપમાન વાતાવરણીય ભેજની માંગમાં વધારો કરે છે, જેના કારણે માટી વધુ ઝડપથી સુકાઈ શકે છે. આમ, ગરમી અને દુષ્કાળ એકબીજાની અસરોને વધારે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આવી ઘટનાઓનું જોખમ હવે એવા વિસ્તારોમાં વિસ્તરી રહ્યું છે જ્યાં અગાઉ પ્રમાણમાં ભારે વરસાદ પડ્યો હતો. આનો અર્થ એ છે કે માત્ર રાજસ્થાન, ગુજરાત અને અન્ય દુષ્કાળગ્રસ્ત વિસ્તારો જ નહીં, પરંતુ પૂર્વી અને દક્ષિણ ભારતના કૃષિ પ્રદેશોએ પણ આવી પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ.

ગ્રામીણ ભારતમાં પાણીની ઉપલબ્ધતા પહેલાથી જ એક મોટો પડકાર છે. કેન્દ્ર સરકારના જળ જીવન મિશન હેઠળ, ગ્રામીણ ઘરોને નળનું પાણી પૂરું પાડવા માટે વ્યાપક કાર્ય કરવામાં આવ્યું છે. ઓગસ્ટ ૨૦૧૯ માં મિશનની શરૂઆત સમયે, લગભગ ૧૭% ગ્રામીણ ઘરોમાં નળ જોડાણો હતા. જળ શક્તિ મંત્રાલય અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આ કવરેજ વધીને ૮૧% થી વધુ થઈ ગયું છે. જો કે, નળ જોડાણો હોવા અને નિયમિતપણે પર્યાપ્ત અને સ્વચ્છ પાણીનો ઉપયોગ કરવો એ બે અલગ અલગ બાબતો છે. સરકારના ૨૦૨૪ ના કાર્યક્ષમતા મૂલ્યાંકનમાં, જેમાં ૨૩૭,૦૦૦ થી વધુ ગ્રામીણ ઘરોને આવરી લેવામાં આવ્યા હતા, તે જાણવા મળ્યું કે ૮૬.૫% ઘરોમાં કાર્યરત નળ જોડાણો હતા, જ્યારે ૮૦.૨% ઘરોમાં પૂરતો પાણી પુરવઠો મળ્યો. ૮૩.૬% ઘરોને સમયપત્રક પર પાણી મળ્યું, અને ૭૬% ઘરોને નિર્ધારિત ગુણવત્તા ધોરણોને પૂર્ણ કરતું પાણી મળ્યું.

રાહુલના જુઠ્ઠાણા, અફવાઓ-અરાજકતાનું મોડેલ

જેપી નડ્ડાએ ભારત જોડાણ રેલી મુદ્દે કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહારો



નવીદિલ્હી, તા. ૧

કેન્દ્રીય મંત્રી જે પી નડ્ડાએ ઇન્ડિયા એલાયન્સ રેલી અંગે કોંગ્રેસ અને પાર્ટીના સાંસદ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી પોતાના રાજકીય એજન્ડાને પ્રોત્સાહન આપવા અને દેશને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે રાહુલના મોડેલને જુઠ્ઠું ગણાવ્યું. નડ્ડાએ સ્પષ્ટપણે કહ્યું કે ભારતમાં શાસન પરિવર્તનનો એજન્ડા કામ કરશે નહીં. ભાજપના નેતાએ વિપક્ષ પર અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય દિલ્હીને લકવાગ્રસ્ત કરવાનો છે. તેમણે કહ્યું કે વિપક્ષની રેલીથી વેપારીઓને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે. તેમણે વિપક્ષ પર અશાંતિ ભડકાવવા, અર્થતંત્રને નુકસાન પહોંચાડવા અને ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે લોકશાહીના ધ્વજનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો.

જેપી નડ્ડાએ ૧ નવેમ્બરની રેલી પર પણ સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસે શીખ સમુદાયની માફી માંગવી જોઈએ. રેલી માટે તેણે ૧ નવેમ્બરની તારીખ કેમ પસંદ કરી? તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી શીખોના ઘા પર મીઠું છાંટી રહ્યા છે. તેમણે કહ્યું કે ગાંધી પરિવારે શીખ વિરોધી રમખાણો માટે હજુ સુધી શીખ સમુદાયની માફી માંગી નથી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે વિપક્ષનો ધ્યેય વિદેશી શક્તિઓના ઈશારે ચૂંટાયેલી સરકારને ઉથલાવી પાડવાનો છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં શાસન પરિવર્તનનો એજન્ડા કામ કરશે નહીં. તેમણે કહ્યું હતું કે, ''રાહુલ ગાંધી દ્વારા ૧લી નવેમ્બરે રજૂ કરાયેલા આ નાટકના ચાર ઉદ્દેશ્યો છે. પહેલું, આપણા શીખ ભાઈઓના ઘા પર મીઠું ભડકાવવાનું. બીજું, દિલ્હીમાં રમખાણો અને અરાજકતા ભડકાવીને લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી પાડવાનું. ત્રીજું, તહેવારોની મોસમ દરમિયાન દિલ્હીના દુકાનદારો અને વેપારીઓને તેમની કમાણીથી વંચિત રાખવાનું. અને ચોથું, દેશને બદનામ કરવાનું.'' નડ્ડાએ જણાવ્યું હતું કે રામલીલા મેદાનમાં આજે જે થઈ રહ્યું છે તે લોકશાહી પ્રત્યે આદરની નિશાની નથી, પરંતુ લોકશાહીના નામે દેશને અરાજકતામાં ધકેલી દેવાનું ઈરાદાપૂર્વકનું કાવતરું છે. તેમણે કહ્યું હતું કે આ એક મૂર્ખ નાટક છે જે લોકો દ્વારા વારંવાર પરાજિત અને નકારવામાં આવ્યા છે, અને જનતા આ સારી રીતે સમજે છે. મંત્રીએ કહ્યું હતું કે, ''રાહુલ ગાંધી, આજે હું દેશને કહેવા માંગુ છું કે રાજકારણનું તમારું મોડેલ શું છે – પહેલું પગલું જૂઠાણું અને અફવાઓ ફેલાવવાનું છે.'' બીજું, શેરીઓમાં અરાજકતા અને અવ્યવસ્થા પેદા કરવાનું. ત્રીજું દેશના અર્થતંત્રને નુકસાન પહોંચાડવાનું છે. અને ચોથું વિદેશી શક્તિઓના ઈશારે ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરવાનો છે.

કેટલાક લોકો કાશ્મીરની પ્રગતિ અને શાંતિથી ખુશ નથી

LG મનોજ સિન્હાએ ફારુક અબ્દુલ્લાના પાકિસ્તાન પ્રત્યેના પ્રેમ પર હુમલો કર્યો



નવીદિલ્હી, તા. ૧

કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ડો. ફારુક અબ્દુલ્લાના પાકિસ્તાન અંગેના નિવેદન પર લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ આકરી પ્રતિક્રિયા આપી છે. ફારુક અબ્દુલ્લાનું નામ લીધા વિના, લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે કેટલાક લોકો જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ, સ્થિરતા અને સામાન્ય નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તનથી નાખુશ છે. તેમણે કહ્યું કે આવા લોકો એવા દેશ વિશે વાત કરી રહ્યા છે જ્યાં લોકો ભારતને બદલે લોટ માટે પણ કતારોમાં ઉભા રહે છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું કે જ્યારે કાશ્મીરની જૂની પેઢીના સભ્યો તેમને મળે છે, ત્યારે તેઓ તેમને કહે છે કે તેમણે ઘણા સમય પહેલા પરિસ્થિતિ સ્વીકારી લીધી હતી અને પરિવર્તનની આશા છોડી દીધી હતી. પરંતુ ભગવાન અને અલ્લાહની કૃપાથી, જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ તેમના જીવનકાળ દરમિયાન બદલાઈ ગઈ છે. આમ છતાં, કેટલાક લોકો આ પરિવર્તનથી ખુશ નથી. લેફ્ટનન્ટ ગવર્નરએ કહ્યું કે આજે ભારતનો મહિમા દરેક દેશમાં અને વિશ્વના દરેક પ્લેટફોર્મ પર સ્થાપિત થયો છે. વિશ્વના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી દેશો પણ ભારત સાથે વાતચીત કરવામાં ગર્વ અનુભવે છે. તેમણે કહ્યું કે આ વાસ્તવિકતાને સમજવાને બદલે, કેટલાક લોકો ભારતને બદલે અન્ય દેશો વિશે વાત કરે છે. આવા લોકોએ સમજવું જોઈએ કે તેમના નિવેદનોથી જમ્મુ અને કાશ્મીરને કેટલું નુકસાન થઈ શકે છે.

લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે તેમને ખુશી છે કે જમ્મુ અને કાશ્મીરના સામાન્ય નાગરિક, ખાસ કરીને કાશ્મીર ખીણના રહેવાસીઓ, હવે આવા વ્યક્તિઓના ચહેરા ઓળખી ગયા છે. તેમણે નોંધ્યું કે યુવાનો પણ સોશિયલ મીડિયા પર આવા નિવેદનો પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેઓ પ્રશ્ન કરી રહ્યા છે કે આવા લોકોએ જમ્મુ અને કાશ્મીરને કેટલું નુકસાન પહોંચાડ્યું છે, જ્યારે તેમના પોતાના બાળકો વિદેશમાં અભ્યાસ કરે છે અને તેઓ પોતે લંડન, સ્વિટ્ઝર્લેન્ડ અને દેશના મુખ્ય શહેરોમાં વૈભવી જીવન જીવે છે. તેમણે પૂછ્યું, ''સામાન્ય કાશ્મીરીઓને શું મળ્યું છે?'' મનોજ સિન્હાએ જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરના સામાન્ય નાગરિકોમાં એક નવી ચેતના ઉભરી આવી છે. આ ભૂમિ પર આતંકવાદને હવે ખીલવા દેવામાં આવશે નહીં. તેમણે આતંકવાદ અને અલગતાવાદ સામે કડક સંદેશ આપતા કહ્યું કે જે કોઈ પણ જમ્મુ અને કાશ્મીરને હિંસાના માર્ગ પર પાછા લાવવાનો પ્રયાસ કરશે તેને ન્યાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે સુરક્ષા દળો અને જમ્મુ અને કાશ્મીર પોલીસે ટૂંક સમયમાં આતંકવાદના બાકી રહેલા તત્વોને ખતમ કરવાનો સંકલ્પ કર્યો છે.

લેફ્ટનન્ટ ગવર્નરે નાગરિકોને ખાતરી આપી કે જેઓ તેમના જીવનની ગુણવત્તા, પ્રગતિ અને શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરે છે તેમને બક્ષવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે જે લોકો શાળાઓ અને સામાન્ય જીવનને ખલેલ પહોંચાડે છે તેમને એવી રીતે સજા કરવામાં આવશે કે આવનારી પેઢીઓ યાદ રાખશે. મનોજ સિન્હાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ફારુક અબ્દુલ્લાના પાકિસ્તાન અંગેના નિવેદનથી જમ્મુ અને કાશ્મીરમાં રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ છે. પોતાના સંબોધનમાં, ઉપરાજ્યપાલે નામ લીધા વિના, ફારુક અબ્દુલ્લા અને તેમના જેવા નેતાઓ પર નિશાન સાધ્યું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

વાંચન વિશેષ

સરદાર પટેલે એક કરેલ દેશ, હવે જ્ઞાતિ, ધર્મ, કે સંપત્તિને નામે વિભાજિત થઈ રહ્યો છે



શનિવારે ૩૧ ઓક્ટોબર હતી, અને ૩૧ ઓક્ટોબર એટલે સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી! આ વર્ષે એમની ૧૫૧ મી જન્મ જયંતી હતી. શનિવારે આપણે એમને યાદ કર્યા નહીં એટલે આજે સરદાર ચરિત્ર પર ચિંતન કરીશું દરેક મહિનાની કોઈ ને કોઈ વિશેષતા છે, અને ઓક્ટોબરમાં તો આવી બે વિશેષતા આવે છે! ઉપરથી બંને વિશેષતા રાષ્ટ્રપ્રેમ જાગૃત કરે છે, ૨ ઓક્ટોબર એ ગાંધી જયંતી અને ૩૧ ઓક્ટોબર એ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી, અને બંને ગુજરાતી છે! બંનેનું દેશની આઝાદીમાં સારું એવું યોગદાન રહ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલને આપણે સૌ લોખંડી પુરુષ તરીકે ઓળખી છીએ! તેઓ કહેતા ''શરીરે ભલે દૂબળાં હો પણ કાળજું હંમેશા સિંહનું રાખો! કારણકે સત્ય માટેનો અવાજ પણ સિંહ જેવો બુલંદ હોવો જોઈએ. આઝાદ ભારતનાં નાના મોટા રજવાડાઓને એકત્રિત કરીને એક દેશની સ્થાપના કરી, અને એટલે ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં નડિયાદના એક સામાન્ય ખેડૂતના ઘરમાં ૩૧મી ઓક્ટોમ્બર, ૧૮૭૫માં થયો હતો. તેમના માતા-પિતા ખુબ જ ધાર્મિક હતાં. વલ્લભભાઈએ તેમનું શિક્ષણ ગુજરાતીમાં જ લીધું હતું. માત્ર ૧૮ વર્ષની ઉંમરે તેમના લગ્ન ૧૩ વર્ષની ઝવેરબા સાથે થયા અને માત્ર ૩૩ વર્ષમાં ઝવેરબા બે સંતાન મુકીને આ દુનિયામાંથી વિદાય થયા! અને છતાં આ પુરુષે લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો. તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ હતાં અને બંને વચ્ચે ગજબ ભ્રાતૃપ્રેમ હતો. ઝવેરબા ના અંતિમ સમયે તેઓ આઝાદીની ચળવળમાં હતાં અને અંતિમ સમયે હાજર ન રહી શક્યાનો ડંખ એમને જીંદગીભર રહ્યો. ૧૯૧૦માં વકીલાત માટે ઈંગ્લેંડ ગયાં હતાં. ૧૯૧૩માં તેઓને વકીલની પદવી મળ્યા બાદ ભારત પાછા ફર્યા હતાં. ત્યાર બાદ તેઓ ગાંધીજીથી પ્રભાવીત થઈને આઝાદીની ચળવળ માટે તેમની સાથે જોડાઈ ગયાં હતાં. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈનો સંબંધ ગુરુ-શિષ્ય જેવો હતો.

વલ્લભભાઈને ખેડૂતો પ્રત્યે ખુબ જ પ્રેમ હતો. તેથી તેઓએ ખેડૂતો માટે ખુબ જ સારા કાર્યો કર્યા હતાં. જ્યારે ૧૯૨૮માં સરકારે ખેડૂતો પર જમીનને લગતો ટેક્સ નાંખ્યો ત્યારે તેઓએ ખેડૂતોને સત્યાગ્રહ માટે તૈયાર કર્યા અને તે ટેક્સ ભરવાની મનાઈ કરી દીધી. તેઓએ ખેડૂતો સાથે મળીને બારડોલી સત્યાગ્રહ કર્યો હતો. તેથી સરકારે વલ્લભભાઈને અને ખેડૂતોને પણ જેલમાં પુરી દીધા હતાં. ત્યારથી ગાંધીજીએ તેમને 'સરદાર'નું બીરુદ આપ્યુ હતું. ૧૯૩૦ માં જ્યારે ગાંધીજીએ મીઠા માટે સત્યાગ્રહ કર્યો હતો ત્યારે તેમાં પણ વલ્લભભાઈ તેમની સાથે હતાં. ૧૯૪૨માં ગાંધીજીએ 'ભારત છોડો' આંદોલન શરૂ કર્યું ત્યારે પણ બ્રીટીશ સરકારની વિરુધ્ધ વલ્લભભાઈ તેમની સાથે હતાં તેથી બ્રીટીશ સરકારે ગાંધીજી, જવાહરલાલ સહિત વલ્લભભાઈને પણ જેલમાં પુરી દીધા હતાં. તેઓ પોતાના દેશ માટે ઘણી વખત જેલમાં ગયાં હતાં. તેઓ જ્યારે જેલમાં હતાં તે સમયે જ તેઓના માતા પિતાનું મૃત્યું થઈ ગયું હતું છતાં પણ તેઓ સહેજ પણ ન્હોતાં ડગ્યાં.

આઝાદ ભારતને પણ બ્રિટિશ શાસન જેવું સેવાકીય અને કાયદાકીય કામગીરીનું એક સુવ્યવસ્થિત સુંદર માળખું મળી રહે એ માટે સરદાર વલ્લભભાઈ પટેલ જ સીવીલ સર્વિસ ડેની હિમાયત કરી હતી, અને સૌ પ્રથમ વખત ભારતનાં ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ આ કાર્યક્રમ દિલ્હીના મેટકાફ હાઉસ ખાતે યોજ્યો હતો.સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હી ખાતે અખિલ ભારતીય વહીવટી સેવા તાલીમ શાળામાં પ્રોબેશનરી અધિકારીઓને સંબોધિત કર્યા હતાં, અને ત્યારથી ૨૧ એપ્રિલને રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે અહીં ખૂબ પ્રભાવી ભાષણ આપ્યું હતું, અને સનદી અધિકારીઓને ભૂતકાળના અનુભવોને છોડીને રાષ્ટ્રની સેવા કરવાની સાચી ભૂમિકા નિભાવવા માટે સમજાવ્યા હતાં. તેમના ભાષણમાં તેમણે સનદી અધિકારીઓને 'ભારતની સ્ટીલ ફ્રેમ' ગણાવી હતી. એમણે કહ્યું હતું કે હકીકતમાં તો આ બધાં સરકારી કર્મચારીઓ કે જેઓ વિવિધ વિભાગોમાં અથવા સરકારના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સ્તરે એટલે પદ પર રહી જનતા માટે કામ કરી રહ્યા છે. તેઓ જ દેશની વહીવટી વ્યવસ્થાના સાચાં સહાયક સ્તંભ તરીકે કામ કરે છે, અને એટલે જ દેશમાં વ્યવસ્થા બની રહે છે, આમ કહીને એમની કામગીરીને બિરદાવી પુરસ્કારિત કરી અને આજે પણ દેશમાં એ જ રીતે વ્યવસ્થા ગોઠવાયેલી છે! હાં એ એકવાત જુદી છે કે હવે ભાગ્યે જ કોઈ નાગરિક સેવાને ઉપર રાખી પોતાનું કર્તવ્ય કરે છે! ભ્રષ્ટાચાર ઉધઈ જેમ બધે જ પ્રસરી ગયો છે.

સૌનાં હ્રદયમાં સરદાર વલ્લભભાઈ પટેલની યાદને કાયમ જીવંત રાખતી સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા આપણા દેશની એકતાનું પ્રતીક છે. દેશના પ્રેરણાપુરુષ, દેશના ઘડવૈયા સરદાર પટેલ દ્વારા દેશ માટે કરવામાં આવેલી અમૂલ્ય કામગીરીની યાદમાં બનાવવામાં આવી છે. નર્મદાકિનારે આવેલા કેવડિયા નજીક ગિરિમાળાઓ વચ્ચે આવેલા સાધુબેટ પર તે ઊભી કરવામાં આવી છે. આ પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી છે. તેના નિર્માણની શરૂઆત ૧૩ ઓકટોબર ૨૦૧૩ના રોજ થઈ હતી. આ આખા પ્રોજેકટનો ખર્ચ ૩૦૦૦ કરોડ રૂપિયા થયો હતો. આ પ્રતિમાના નિર્માણનો હેતુ એ છે કે સરદાર પટેલના એકતા, રાષ્ટ્રવાદ અને સુશાસન જેવા સિદ્ધાંતો આવનારી પેઢી માટે પ્રેરક બને. વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમા છે. તે વિશ્વની અદ્ભુત અજાયબી જ બની ગઈ છે તેમ સમજોને. અત્યાર સુધી કેટલાંય લાખ સહેલાણીઓ આ સ્મારકની મુલાકાત લઈ ચૂક્યા છે. આ પ્રતિમાનું ઉદ્ઘાટન ૩૧મી ઓકટોબર ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું.

તેઓનુ મૃત્યું ૧૯૫૦માં ૧૫ ડીસેમ્બરે બોમ્બેમાં થયું હતું, અને ત્યારે તે નાયબ વડાપ્રધાનનું પદ ધરાવતા હોવા છતાં પણ એની સંપત્તિ પૂરાં ૩૦૦ પણ ન્હોતાં! એક રેંટિયો અને બીજી પરચૂરણ વસ્તુ સિવાય કંઈ જ હતું નહીં. વિચારો આજે જે નેતાઓ મોંઘી મોંઘી ગાડીઓમાં ફરે છે, અને લગભગ કરોડોની મિલકત મેળવવા પહેલાં તો પ્રજાનું કોઈ કામ થતું જ નથી! તે સમયે જાણે કે ગુજરાતને કોઇ મહાન યોધ્ધો ગુમાવ્યો હોય તેટલો આઘાત લાગ્યો હતો. ગુજરાતમાં આવા મહાન પુરૂષો પહેલાં પણ હતાં અને આજે પણ છે અને હંમેશા થતાં આવશે. પણ બીજા સરદાર વલ્લભભાઇ પટેલ ક્યારે મળશે તે ખબર નથી.કારણ કે ૫૬૨ રજવાડાઓ પાસેથી એનું રાજ્ય લેવું અને એક દેશની રચના કરવી એ ખરેખર બહુ જ અઘરી જવાબદારી હતી! અને એ જવાબદારી એમણે બખૂબી નિભાવી.પણ ગાંધીજીની જેમ જ લોકો એને પણ જયંતી એ જ યાદ કરે છે, બાકી આવા મહાનુભવોને લીધે જ આજે ગુજરાતનો જયજયકાર થઈ રહ્યો છે! એ સત્ય યાદ રાખવા જેવું ખરું! તો જીવનમાં દેશહિત કે સમાજ કલ્યાણના ધ્યેય માટે લોખંડ જેવા સરદાર વલ્લભભાઈ પટેલ ને એમની ૧૫૦ મી જન્મજયંતિ એ કોટી કોટી પ્રણામ અને આપણાં સૌમાં આવો જ દેશપ્રેમ બની રહે! જે પુરુષ એ દેશને એક કરવા જીંદગી ખર્ચી નાખી એ જ દેશને આપણે આજે જ્ઞાતિ, ધર્મ કે સંપત્તિ જેવા પરિબળોને કારણે વિભાજીત કરી રહ્યા છીએ એ શું યોગ્ય છે?? આમાં આઝાદી ને કંઈ રીતે મુલવીશું વિચારો વિચારો...!! જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રાજ્યની શાળાઓ માટે નવા નિયમો : વિદ્યાર્થીઓ પ્રત્યે મુખ્યમંત્રીનો સંવેદનશીલ અભિગમ

શાળાઓમાં સ્વાસ્થ્ય કલ્યાણ-આત્મહત્યા નિવારણ વ્યવસ્થા ફરજીયાત

એકસોથી વધુ વિદ્યાર્થીઓ હોય તો કાઉન્સેલર ફરજિયાત : ગુજરાત સરકારે ધોરણ ૯થી ૧૨ની શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માટે નવા નિયમો લાગુ કરવાની જોગવાઈ કરી છે. દરેક શાળામાં સ્કૂલ વેલનેસ ટીમ ફરજિયાત રહેશે. ૧૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં કાઉન્સેલર રાખવો પડશે. માર્ક્સના આધારે ભેદભાવ કે જાહેર અપમાન કરી શકાશે નહીં. શિક્ષકોને તાલીમ, ગોપનીય ફરિયાદ વ્યવસ્થા અને જોખમી પરિસ્થિતિમાં તાત્કાલિક મદદ પણ ફરજિયાત રહેશે

રાજકોટ, તા. ૧

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા કલ્યાણ અર્થે તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને આત્મહત્યા નિવારણ માટે ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અન્વયે હવે રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી ઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ અને આત્મહત્યા નિવારણ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવી ફરજિયાત બનશે.

ઉલ્લેખનીય છે કે પરીક્ષાઓમાં વધતી જતી સ્પર્ધા વચ્ચે, વિદ્યાર્થી ઓનું માનસિક સ્વાસ્થ્ય ગંભીર ચિંતાનો વિષય બની રહ્યું છે. પરીક્ષાઓની તૈયારી, ઉચ્ચ ગુણ મેળવવાની સ્પર્ધા, સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ, સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ, ભવિષ્યની ચિંતા અને પરિવારની અપેક્ષાઓને કારણે ઘણા વિદ્યાર્થીઓ માનસિક તણાવ, પ્રદર્શન સંબંધિત ચિંતા, આત્મવિશ્વાસનો અભાવ અને હતાશા જેવા લક્ષણોનો સામનો કરી રહ્યા છે. રાજ્યની ભાવી પીઢી અને આવતીકાલના વિકસિત ગુજરાતના ઘડવૈયાઓ એટલે કે આજના વિદ્યાર્થીઓની આ જ્વલંત સમસ્યા પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ દ્વારા મજબૂત પગલાં લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાના માર્ગદર્શનમાં રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નવી જોગવાઈ તરીકે વિનિયમ-૧૬ (અ) ઉમેર્યો છે. આ સાથે પરિશિષ્ટ-૮માં વિદ્યાર્થિયોંના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ તથા આત્મહત્યા નિવારણ માટે વિગતવાર વ્યવસ્થા નક્કી કરવામાં આવી છે. આ જોગવાઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન ધોરણ ૯-૧૦ ની માધ્યમિક તથા ધોરણ ૧૧-૧૨ ની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે.

સુપ્રીમ કોર્ટના એક ચુકાદામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે જાહેર કરવામાં આવેલી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ અંગેની ૧૫ બંધનકર્તા માર્ગદર્શિકાઓ તથા ચાર નિર્દેશોને અનુલક્ષીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયે આ ચુકાદાના અમલ માટે રાજ્યોને સૂચના આપી હતી. ગઈઊછ્ઝ દ્વારા તૈયાર કરવામાં આવેલી અખખઊઊઉ એટલે કે અક્ષમયતિફિંક્ષમ (સમજો), ખજ્ઞશિદ્દફયિં (પ્રેરણા આપો), ખફક્ષફલય (વ્યવસ્થા કરો), ઊળાફવિંશતય (સહાનુભૂતિ આપો), ઊળાજ્ઞયા (સશક્ત બનાવો), ઉયદયહજ્ઞા (વિકાસ કરો) માર્ગદર્શિકાઓને પણ આધારરૂપ સંદર્ભ તરીકે સ્વીકારવામાં આવી છે.



શું છે નવી જોગવાઈ? : વિનિયમ ૧૬ (અ) મુજબ, ''વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા કલ્યાણ અર્થે તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને સુરક્ષા સર્વોપરી છે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે માટે નિયમિત કાઉન્સેલિંગ, જાગૃતિ કાર્યક્રમો અને સમયસર માનસિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને તણાવમુક્ત વાતાવરણનું નિર્માણ કરવા પરિશિષ્ટ-૮ માં દર્શાવેલ જોગવાઈઓ અંતર્ગત નિયત કાર્યવાહી કરવાની રહેશે. જેથી માનસિક તણાવમાં રહેતા અને આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો ધરાવતા વિદ્યાર્થીઓની વહેલી ઓળખ કરી, તેમને ત્વરિત અને સંવેદનશીલ સંસ્થાકીય મદદ પૂરી પાડી શકાય.

દરેક શાળામાં બનશે 'સ્કૂલ વેલનેસ ટીમ' : નવી વ્યવસ્થા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (ઋઋઈજઊઈ) માં રજિસ્ટર્ડ થયેલ ધોરણ ૯ થી ૧૨ ની દરેક શાળામાં ફરજિયાત 'સ્કૂલ વેલનેસ ટીમ' (જ્ઝઝ) ની રચના કરવાની રહેશે. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારીની જાળવણી ઉપરાંત આત્મહત્યા અથવા અન્ય ગંભીર જોખમી પરિસ્થિતિમાં ત્વરિત અને અસરકારક કાર્યવાહી થઈ શકે તે માટે ટીમને તાલીમબદ્ધ કરવામાં આવશે. સ્કૂલ વેલનેસ ટીમમાં શાળાના આચાર્ય ટીમ લીડર અને શાળા કાઉન્સેલર અથવા નિયત કરેલ શિક્ષક ટીમ કો-ઓર્ડિનેટર તરીકે રહેશે, જ્યારે કે સભ્ય તરીકે માધ્યમિક (ધો. ૯-૧૦) અને ઉચ્ચતર માધ્યમિક (ધો. ૧૧-૧૨) માં થી એક-એક શિક્ષક, શાળા વ્યવસ્થાપન સમિતિ (જખઈ) ના એક પ્રતિનિધિ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાંથી એક-એક પીઅર મોનિટર અથવા લીડર (મનો-મિત્ર) અને એક બિન-શૈક્ષણિક કર્મચારીનો સમાવેશ થશે. દર વર્ષે શૈક્ષણિક સત્રના પ્રારંભે જ્ઝઝની રચના કરવાની રહેશે અને તેની કામગીરીની વાર્ષિક સમીક્ષા કરવી ફરજિયાત રહેશે.

'મનો-મિત્ર' બનશે વિદ્યાર્થીઓનો ભાવનાત્મક સહારો : ઞખખઊઊઉ ગાઇડલાઈનના અનુસંધાને શાળા કક્ષાએ 'પીઅર સપોર્ટ' ની અસરકારક વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા અર્થે 'મનો-મિત્ર' ની નિયુક્તિ કરવાની રહેશે. મનો-મિત્ર વિદ્યાર્થીઓને પ્રાથમિક સ્તરે ભાવનાત્મક સહયોગ પૂરો પાડશે, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન તેમજ ઉપચારાત્મક પગલાં તરફ દોરી જશે તેમજ સહપાઠીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો અને પરસ્પર સહકારની ભાવના સુદૃઢ કરશે. ૧૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી ઓની સંખ્યા ધરાવતી શાળાઓમાં, બાળ અને કિશોરાવસ્થાના માનસિક સ્વાસ્થ્ય વિષયક તાલીમ મેળવેલ ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકર્તાની નિયુક્તિ કરવી ફરજિયાત રહેશે. જ્યારે કે ૧૦૦ થી ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓએ બાહ્ય માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો (મેન્ટલ હેલ્થ પ્રોફેશનલ્સ), નજીકના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ તેમજ 'ટેલી-માનસ' સેવાઓ સાથે ઔપચારિક રેફરલ જોડાણ પ્રસ્થાપિત કરવાનું રહેશે. ખાસ કરીને બોર્ડની પરીક્ષાઓ, પરિણામની જાહેરાત અને ધોરણ ૮ માંથી ૯ માં અને ધોરણ ૧૦ માંથી ૧૧ માં પ્રવેશ વખતના સંક્રમણ સમયગાળા દરમિયાન વિદ્યાર્થી ઓના નાના જૂથો માટે સમર્પિત માર્ગદર્શક અથવા કાઉન્સેલર ફાળવવાના રહેશે.

માર્ક્સના આધારે ભેદભાવ કરી શકાશે નહીં : નવી જોગવાઈમાં સકારાત્મક શાળા વાતાવરણ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. 'શાળા વહીવટીતંત્ર દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ, પરીક્ષાના પરિણામો અથવા મેળવેલ ગુણના આધારે વર્ગખંડની અંદર કે બહાર કોઈપણ પ્રકારનું વિભાજન (સેગ્રીગેશન) કરી શકાશે નહીં. તદુપરાંત, કોઈ પણ વિદ્યાર્થીના શૈક્ષણિક સ્તરના આધારે તેનું સાર્વજનિક રીતે અપમાન, અન્ય સાથે સરખામણી અથવા કલંકિત કરી શકાશે નહીં. શાળા કક્ષાએ એવી કોઈપણ પ્રવૃત્તિ, પ્રથા કે વ્યવસ્થા અમલી બનાવી શકાશે નહીં જેના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, વ્યગ્રતા (ચિંતા), લઘુતાગ્રંથિ (હીનભાવ), ભય અથવા ભાવનાત્મક અસુરક્ષા કી લાગણી જન્મે. તેના સ્થાને, તમામ વિદ્યાર્થીઓ પ્રત્યે સમાનતા, ગૌરવ, પ્રોત્સાહન અને સહયોગાત્મક અભિગમ અપનાવવો ફરજિયાત રહેશે.'

ઈતર પ્રવૃત્તિઓનું નિયમિતપણે આયોજન કરવું ફરજિયાત : વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સુખાકારી જાળવી રાખવા માટે યોગ, ધ્યાન, કલા, સંગીત, બાગકામ, નૃત્ય, રમતગમત તેમજ 'ખેલ મહાકુંભ', 'ફિનિશિંગ સ્કૂલ', 'સમધારા', 'પરીક્ષા પે ચર્ચા', 'એન.એસ.એસ.', 'એન.સી.સી.', સ્કાઉટ-ગાઈડ અને સમાજસેવા જેવી સહ-શૈક્ષણિક તથા ઇતર પ્રવૃત્તિઓનું શાળા કક્ષાએ નિયમિતપણે આયોજન કરવું ફરજિયાત રહેશે. આ સાથે વિદ્યાર્થીઓ તેમની લાગણીઓ, ચિંતાઓ, મુશ્કેલીઓ તથા માનસિક-ભાવનાત્મક જરૂરિયાતોની નિર્ભીક અને ગોપનીય રીતે રજૂઆત કરી શકે તે માટે શાળા કાઉન્સેલર અથવા નિયુક્ત માર્ગદર્શક શિક્ષક સુધી સરળતાથી પહોંચ તથા હેલ્પ બોક્સ (સૂચન પેટી) જેવી વ્યવસ્થા પણ કરવાની રહેશે.આ ઉપરાંત સરકારી રીતે જાહેર કરવામાં આવેલા ચાઇલ્ડ હેલ્પલાઈન નંબર અને જ્ઝઝના સંપર્ક નંબર શાળાની વેબસાઇટ, નોટિસ બોર્ડ, વર્ગખંડ, હોસ્ટેલ અને કાઉન્સેલિંગ રૂમમાં સ્પષ્ટ રીતે દર્શાવવાના રહેશે.

ક્ષમતા નિર્માણ-ફરજિયાત તાલીમ અને તાત્કાલિક પ્રતિસાદ પ્રોટોકોલ : શાળાના તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ વર્ષમાં ઓછામાં ઓછા બે વખત પ્રમાણિત માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો પાસેથી તાલીમ ફરજિયાત લેવાની રહેશે. શાળાએ સાઇકોલોજિકલ ફર્સ્ટ એઇડ, વોર્નિંગ સાઇન્સની ઓળખ, સેલ્ફ-હાર્મ (સ્વ-ક્ષતિ) સામે પ્રતિસાદ અને રેફરલ મેકેનિઝમ વગેરે વ્યવસ્થા ઉપલબ્ધ રાખવાની રહેશે.

વિદ્યાર્થીમાં ચેતવણીરૂપ સંકેત જોવા મળે તો... : કોઈ વિદ્યાર્થી દ્વારા સ્વ-ક્ષતિ (આત્મહાનિ), આત્મહત્યાના વિચારો, ગંભીર માનસિક તાણ અથવા અન્ય કોઈ જોખમી વર્તણૂક સંબંધી એક પણ ચેતવણીરૂપ સંકેત પ્રદર્શિત કરવામાં આવે, તો તેને અત્યંત ગંભીરતાથી લઈ તાત્કાલિક ધોરણે જરૂરી કાર્યવાહી કરવી અનિવાર્ય રહેશે. આત્મહાનિનો પ્રયાસ થયાની સ્થિતિમાં વિદ્યાર્થીને કોઈ પણ સંજોગોમાં એકલો ન છોડવાની અને જરૂરિયાત મુજબ તાત્કાલિક તબીબી અથવા આપાતકાલીન સેવાઓની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્ય, કાઉન્સેલિંગ અથવા અન્ય કોઈ સંવેદનશીલ વ્યક્તિગત માહિતીની ગોપનીયતા જાળવવી ફરજિયાત રહેશે. આવી માહિતી માત્ર વિદ્યાર્થીની સુરક્ષા, સારવાર, કાઉન્સેલિંગ અથવા કલ્યાણ સાથે સીધી રીતે સંકળાયેલા અધિકૃત વ્યક્તિઓ સાથે જ વહેંચી શકાશે.આત્મહત્યાની ઘટના બાદ અન્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને અસરગ્રસ્ત પરિવારજનો માટે ઘટના પછીની સંભાળ (ઝજ્ઞતર્દિયક્ષશિંજ્ઞક્ષ) પ્રક્રિયા હેઠળ જરૂરી માનસિક, ભાવનાત્મક અને સામાજિક સહાય આપવાની રહેશે. ઘટનાની માહિતીનું સંચારણ તથ્યાધારિત અને જવાબદારીપૂર્વક કરવાનું રહેશે. મીડિયા સાથેનો સંપર્ક માત્ર આચાર્ય અથવા અધિકૃત અધિકારી મારફતે જ કરવાનો રહેશે અને ઘટનાની પદ્ધતિ, સ્થળ, ફોટોગ્રાફ્સ અથવા વ્યક્તિગત સંવેદનશીલ વિગતો જાહેર કરી શકાશે નહીં.

ફરિયાદ નિવારણ અને સંસ્થાકીય જવાબદારી : આ ઉપરાંત, જાતીય સતામણી, રેગિંગ, બુલિંગ, સાયબર બુલિંગ તેમજ જાતિ, વર્ગ, લિંગ, ધર્મ, ભાષા, સામાજિક-આર્થિક સ્થિતિ અથવા દિવ્યાંગતા સહિતના કોઈપણ આધાર પર થતા ભેદભાવ કે હેરાનગતિ સામે મજબૂત, ગોપનીય અને સુલભ ફરિયાદ નિવારણ વ્યવસ્થા કરવી ફરજિયાત રહેશે. શાળાએ સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવાની રહેશે.જો શાળાને જોખમી પરિસ્થિતિઓની જાણ હોવા છતાં અથવા જાણ હોવી જોઈએ તેવી પરિસ્થિતિ હોવા છતાં, સમયસર અને યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળતા જણાય, અને તે નિષ્ફળતા વિદ્યાર્થીને થયેલ ગંભીર નુકસાન, આત્મહાનિ અથવા આત્મહત્યાની ઘટનામાં નોંધપાત્ર પરિબળ સાબિત થાય, તો તેને 'સંસ્થાકીય દોષ' ગણવામાં આવશે અને સંબંધિત શાળા અથવા જવાબદાર અધિકારીઓ સામે કાયદા અને નિયમો મુજબ શિક્ષાત્મક કે કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાશે.

દેખરેખ, અમલીકરણ અને અનુપાલન : વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, કલ્યાણ અને આત્મહત્યા નિવારણ સંબંધી માર્ગદર્શિકાઓના અસરકારક અમલીકરણ, નિરીક્ષણ-દેખરેખ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં 'જિલ્લા-સ્તરીય દેખરેખ સમિતિ' રહેશે. આ સમિતિ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વિનિયમોના અમલીકરણની સમીક્ષા કરશે, આવશ્યક માર્ગદર્શન અને સંકલન પૂરું પાડશે, ફરિયાદો અને ગંભીર બનાવો પર નજર રાખશે તથા જરૂરી ભલામણો અને સુધારાત્મક પગલાં સૂચવશે. સમિતિની સૂચનાઓનું અક્ષરશઃ પાલન તમામ શાળાઓ માટે ફરજિયાત રહેશે.

EPFO સબ્સ્ક્રાઈબર્સ માટે મોટી રાહત

વોટ્સએપ પર નવી સેવાઓ અને નિષ્ક્રિય ખાતાઓના ઓટોમેટિક સેટલમેન્ટની સુવિધા શરૂ

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ ઈપીએફઓ (એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન) સબ્સ્ક્રાઇબર્સની સુવિધામાં વધારો કરવા માટે વોટ્સએપ પર ઈપીએફઓ સેવાઓનો સત્તાવાર પ્રારંભ કર્યો છે. નવી શરૂ થયેલી આ સુવિધા હેઠળ હવે તમામ ઈપીએફ સબ્સ્ક્રાઇબર્સ ઈપીએફઓની વેરિફાઇડ વોટ્સએપ સેવા મારફતે પોતાના પીએફ બેલેન્સની માહિતી, તાજેતરના પાંચ નવા ટ્રાન્ઝેક્શનની વિગતો અને સંપૂર્ણ પાસબુકની માહિતી ખૂબ જ સરળતાથી પોતાના મોબાઈલ પર જ મેળવી શકશે. આ સેવા વેરિફાઇડ મોબાઈલ પ્લેટફોર્મ પર સુરક્ષિત રીતે ઉપલબ્ધ રહેશે, જેના કારણે સબ્સ્ક્રાઇબર્સને નિયમિત અને નાનાં-મોટાં કામો માટે હવે ઈપીએફઓ કચેરીના ધક્કા ખાવાની જરૂર પડશે નહીં અને તેમનો કિંમતી સમય પણ બચશે. આ વોટ્સએપ સેવા થકી 'પ્રધાનમંત્રી વય વંદના યોજના' (ઞખટઈજ્ઞ) સાથે જોડાયેલી વિવિધ જરૂરિયાતો પૂરી કરવા માટે વ્યક્તિગત માર્ગદર્શન અને જરૂરી મદદ પણ પૂરી પાડવામાં આવશે.

નિષ્ક્રિય ઈપીએફ ખાતાઓમાં ૧૦૦૦ રૂપિયા સુધીના બેલેન્સનું ઓટોમેટિક સેટલમેન્ટ

ઈપીએફઓના ૭૪મા સ્થાપના



દિવસ નિમિત્તે આયોજિત સમારોહમાં મંત્રી મનસુખ માંડવિયાએ વધુ એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા નિષ્ક્રિય ઈપીએફ ખાતાઓના ઓટોમેટિક સેટલમેન્ટની સુવિધા પણ શરૂ કરી છે. શ્રમ મંત્રાલયના સત્તાવાર નિવેદન અનુસાર, જે નિષ્ક્રિય ઈપીએફ ખાતાઓ આધાર દ્વારા વેરિફાઇડ થયેલા છે અને જેમાં ૧૦૦૦ રૂપિયા સુધીનું બેલેન્સ જમા છે, તેવા ખાતાઓના સબ્સ્ક્રાઇબરોએ હવે આ રકમ મેળવવા માટે અલગથી કોઈ ક્લેમ કરવાની કે ફોર્મ જમા કરાવવાની જરૂર રહેશે નહીં. ઈપીએફઓ પોતાની નિર્ધારિત પ્રક્રિયા હેઠળ ખાતાધારકની ઓળખ અને બેંક એકાઉન્ટની ચકાસણી કર્યા બાદ આપમેળે જ સેટલમેન્ટની પ્રક્રિયા શરૂ કરશે અને ખાતામાં રહેલી રકમ સીધી સબ્સ્ક્રાઇબરના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેશે. સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી દેશભરના આશરે એક લાખ જેટલા નિષ્ક્રિય ખાતાઓને સીધો લાભ મળવાની અપેક્ષા છે, જેમાં અંદાજિત ૫ કરોડ રૂપિયા જેટલી રકમ સામેલ હોવાનો અંદાજ છે.

સાત નવા પ્રકાશનોનું વિમોચન અને ઈપીએફઓની વિશ્વસનીયતા

આ સ્થાપના દિવસ સમારોહ દરમિયાન ઈપીએફઓ દ્વારા કુલ સાત જેટલા નવા પ્રકાશનો પણ બહાર પાડવામાં આવ્યા હતા. આ પ્રકાશનો જ્ઞાન નિર્માણ, સંસ્થાકીય શીખ, કાનૂની જાગૃતિ અને સંવેદનશીલ વહીવટ પ્રત્યે ઈપીએફઓની પ્રતિબદ્ધતા અને પારદર્શિતા દર્શાવે છે. આ પ્રસંગે મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે છેલ્લા ૭૪ વર્ષની લાંબી અને સફળ સફરમાં ઈપીએફઓ દેશના તમામ કામદારો માટે એક અત્યંત વિશ્વસનીય સંસ્થા બનીને ઊભરી છે. તેમણે વધુમાં ભારપૂર્વક કહ્યું કે આ સંગઠન પર લોકોનો કેટલો અતૂટ વિશ્વાસ છે તે ૩૨ લાખ કરોડ રૂપિયાના એ વિશાળ ફંડમાં સ્પષ્ટપણે જોવા મળે છે, જે દેશના ૮ કરોડથી પણ વધુ સભ્યોના નિયમિત યોગદાનથી એકત્રિત થયું છે અને સુરક્ષિત છે.

૨.૭૭ લાખના વિદેશી દારૂ અને કાર સાથે સુનીલ રાઠોડને દબોચતી DCB

દારૂ ભરેલી કાર સાથે પાંભર ઈટાળાનો સુનિલ ઝડપાયો

રાજકોટ, તા.૧

રાજકોટ શહેર ડીસીબીએ રાજકોટ-અમદાવાદ હાઇવે પરથી મારૂતીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના મોટા જથ્થા સાથે સુનીલ હિતેષભાઇ રાઠોડ (રહે. પાંભર ઇટાળા ગામ, કોળી વાસ,તા.લોધીકા)ની ધરપકડ કરી છે.

ડીસીબી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ, કનકસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા વગેરે સ્ટાફ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન કુવાડવા રોડ, ઉ-માર્ટ પાસે પહોંચતા ખાનગી બાતમી મળી હતી કે ચોટીલા તરફથી આવતી એક સફેદ કલરની જીજે ૦૬ ઈએચ ૧૩૩૨ નંબરની મારૂતી રીટઝ કાર ગ્રીનલેન્ડ ચોકડીથી ખીરસરા તરફ જવાની છે, તેની ડેકીમાં પાછળની લાઈટના ખાનામાં વિદેશી દારૂ છુપાવેલો છે.

બાતમીના આધારે પોલીસે ગ્રીનલેન્ડ ચોકડી,જુના કુવાડવા પોલીસ સ્ટેશન પાસે, દેવજીવન હોટલની સામે વોચ ગોઠવી હતી. મધરાતે ૧૨:૩૦ વાગ્યે બાતમીવાળી કાર આવતા પોલીસે તેને રોકાવી હતી. કારચાલકનું નામ પૂછતાં તેણે પોતાનું નામ સુનીલ હિતેષભાઇ રાઠોડ (ઉ.વ. ૨૬, રહે. પાંભર ઈટાળા ગામ,કોળી વાસ,તા. લોધીકા) હોવાનું જણાવ્યું હતું. કારની ડેકી ખોલાવી તપાસ કરતા પાછળની લાઈટ નીચેના ખાનામાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

જાહેર રોડ પર અંધારું હોવાથી કારને ડીસીબી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી, જ્યાં દારૂની ગણતરી કરવામાં આવી હતી. કારમાંથી ૭૨ હજારની કુલ ૨૮૮ બોટલો જમ કરવામાં આવી છે,ઉપરાંત ૨ લાખ રૂપિયાની કાર અને ૫,૦૦૦ મોબાઈલ મળીને કુલ ૨,૭૭,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે. પૂછપરછમાં પકડાયેલા સુનીલ રાઠોડે કબૂલાત કરી હતી કે આ દારૂ ભરેલી કાર તેને તેના મિત્ર ચીરાગ પોપટભાઇ સાગઠીયા (રહે. ખીરસરા ગામ, તા. લોધીકા) એ ચોટીલાથી લાવવા મોકલ્યો હતો અને એક અજાણ્યા નંબર ૯૧૦૬૭૪૬૯૬૯ પરથી વાત કરનાર વ્યક્તિએ આ દારૂ પૂરો પાડ્યો હતો. ડીસીબી પોલીસે સુનીલ રાઠોડની અટકાયત કરી, ચીરાગ સાગઠીયા અને અજાણ્યા શખ્સ સહિત તમામ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરીને ચિરાગ સહીત બેની શોધખોળ આદરી છે.

એરપોર્ટ પરથી ૧૩ કિલો ગાંજા સાથે બે ઝડપાયા

બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઇટમાં મુસાફરી કરતા'તા : કસ્ટમ વિભાગે દબોચ્યા


રાજકોટ, તા.૧

અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિદેશથી આવેલા બે મુસાફરોના સામાનની તપાસ દરમિયાન એવી વસ્તુ મળી કે કસ્ટમ્સ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી. બંને મુસાફરો સુરતના હોવાનું સામે આવ્યું છે. ટ્રોલી બેગમાં રાખેલા કેટલાક પેકેટોએ સમગ્ર મામલાને ગંભીર બનાવી દીધો છે. આખરે આ પેકેટોમાં શું છુપાવવામાં આવ્યું હતું? આ જથ્થો ક્યાં પહોંચાડવાનો હતો અને તેની પાછળ કોઈ મોટું નેટવર્ક કાર્યરત છે કે કેમ તે અંગે સવાલો ઊભા થયા છે.

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે ડ્રગ્સની દાણચોરી સામે મોટી કાર્યવાહી કરી હોવાની વિગતો સામે આવી છે. બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા સુરતના બે મુસાફરો પાસેથી કુલ ૧૩.૦૧૨ કિલોગ્રામ હાઇડ્રોપોનિક ગાંજો જમ કરવામાં આવ્યો છે. કસ્ટમ્સ વિભાગે બંને મુસાફરોની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ થાઇલેન્ડના બેંગકોકથી ફ્લાઇટ મારફતે અમદાવાદ પહોંચેલા બે મુસાફરોના સામાનમાંથી પ્રતિબંધિત માદક પદાર્થ મળી આવ્યો હતો. બંને મુસાફરો સુરતના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ્સ વિભાગે તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે.

મુસાફરોની ટ્રોલી બેગની તપાસ દરમિયાન કુલ ૧૪ વેક્યૂમ સીલ પેકેટ મળી આવ્યાં હતાં. આ પેકેટોમાં હાઇડ્રોપોનિક ગાંજો હોવાની



માહિતી સામે આવી છે. જમ કરવામાં આવેલા માદક પદાર્થનું કુલ વજન ૧૩.૦૧૨ કિલોગ્રામ નોંધાયું છે. આટલા મોટા જથ્થાની હેરફેરને લઈને કસ્ટમ્સ વિભાગે તપાસ આગળ વધારી છે. હાઇડ્રોપોનિક પદ્ધતિમાં છોડને જમીનના બદલે પોષક તત્ત્વોથી સમૃદ્ધ પાણીની મદદથી ઉછેરવામાં આવે છે. આ પદ્ધતિથી ઉગાડવામાં આવતા ગાંજાના કેટલાક પ્રકારોમાં નશાકારક તત્ત્વોની માત્રા વધુ હોઈ શકે છે. ભારતમાં ગાંજાની ગેરકાયદેસર આયાત અને દાણચોરી સામે NDPS Act હેઠળ કડક કાનૂની જોગવાઈઓ છે. અમદાવાદ કસ્ટમ્સે બંને મુસાફરોની ધરપકડ કર્યા બાદ વધુ તપાસ શરૂ કરી છે. જમ કરાયેલો ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો, કોને પહોંચાડવાનો હતો અને તેની હેરફેરમાં અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી છે કે કેમ તે તપાસમાં સ્પષ્ટ થઈ શકે છે. હાલ બંને મુસાફરોની ઓળખ, જમ જથ્થાની અંદાજિત કિંમત અને સંભવિત નેટવર્ક અંગે સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.

ગેરકાયદે વહીવટના ગંભીર આક્ષેપો

બિનખેતી શાખા બની ભ્રષ્ટાચારનો અડ્ડો?

સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે શું આટલું મોટું કૌભાંડ સંબંધિત નાયબ મામલતદાર અને ઉચ્ચ અધિકારીઓની જાણ બહાર ચાલ્યું?

રાજકોટ, તા. ૧

રાજકોટ કલેક્ટર કચેરીની અતિમહત્વપૂર્ણ ગણાતી બિનખેતી (એન.એ.) શાખાની કામગીરી સામે ગંભીર સવાલો અને આક્ષેપો ઊભા થઈ રહ્યા છે. સરકારી નિયમોને તાબામાં રાખીને વહીવટ ચલાવવાની જગ્યાએ, કચેરીમાં સત્તાવાર પદ કે નિમણૂક ન ધરાવતા બહારના ખાનગી શખ્સો દ્વારા સમગ્ર વ્યવસ્થા પર કાબૂ રાખવામાં આવી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કલેક્ટર અને ઉચ્ચ અધિકારીઓ બેસતા હોય તે જ મહત્વના પરિસરમાં આવેલી આ શાખામાં જવાબદાર અધિકારીઓની મૌન સંમતિ વિના આ પ્રકારે બહારના ઈસમોનું દિનપ્રતિદિન વધતું હસ્તક્ષેપ તંત્રની પારદર્શિતા સામે મોટા આક્ષેપોને આમંત્રણ આપી રહ્યું છે.

આ મામલે સામે આવેલી વિગતો મુજબ, કચેરીમાં પોતાના કામકાજ માટે આવતા સામાન્ય અરજદારો સાથે નિયમ વિરુદ્ધની પદ્ધતિઓ અપનાવવામાં આવતી હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. અરજદારોને પાયાના દસ્તાવેજો બતાવવા, ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂરી કરવા અને ફાઈલોના અંતિમ નિકાલ સુધીના વિવિધ તબક્કાઓ માટે અલગ-અલગ ખાનગી ઈસમો દ્વારા દોરવણી અપાતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સરકારી ખુરશીઓ પર બેસીને અનધિકૃત રીતે દસ્તાવેજોની ચકાસણી કરવી અને વહીવટી નિર્ણયોમાં દખલ દેવી તે કોઈ મોટા અને વ્યવસ્થિત નેટવર્ક તરફ ઈશારો કરે છે.

આવા ગંભીર પ્રકરણોમાં જો સમયસર નિષ્પક્ષ તપાસ કરવામાં ન આવે અને જવાબદાર અધિકારીઓની સંડોવણી સામે કડક પગલાં ન લેવાય, તો વહીવટી તંત્રની છબી દૂષિત થવાની પૂરી સંભાવના છે. જો આ શાખાના સીસીટીવી ફૂટેજ તથા અગાઉના વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવે, તો પડદા પાછળ રહીને સમગ્ર ગોઠવણ પાર પાડનારા અસલી ચેહરાઓ અને અધિકારીઓની મિલીભગતનો પર્દાફાશ થઈ શકે તેમ છે.

રાજકોટ કલેક્ટર કચેરીની અતિ સંવેદનશીલ ગણાતી બિનખેતી શાખામાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ અંગેના અહેવાલો મુજબ, આ શાખામાં કાયદેસરના અરજદારોને પરેશાન કરવા માટે એક સુવ્યવસ્થિત ષડયંત્ર રચવામાં આવ્યું છે. છેલ્લા ૬ મહિના કરતા વધુ સમયથી બહારના ત્રણ શખ્સો વગર નોકરીએ આ શાખામાં ફરજ બજાવતા હોવાનો પર્દાફાશ થયા છતાં પણ જવાબદાર અધિકારીઓને બચાવી લેવા માટે ઉચ્ચ કક્ષાએથી પેરવી કરવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે. આ સમગ્ર મામલે કચેરીના અધિકારીઓ પોતાની છાપ ન ખરડાઈ અને પોતે ન ફસાય તે માટે આખી સાઇકલ ગોઠવીને બેઠા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ કૌભાંડની પદ્ધતિ એવી વિચિત્ર છે



કે, બિનખેતી કામસર કચેરીએ ગયેલા અને અગાઉ અજાણતાં જ ત્રુટિઓની માયાજાળમાં ફસાઈને શિકાર થઈ ચૂકેલા અરજદારોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, શાખામાં જતાંની સાથે જ વિક્રમ પરમાર નામના શખ્સ દ્વારા દસ્તાવેજો બતાવવામાં આવે છે. ત્યારબાદ આખી ફાઈલ લઈને બીજા માળે ટી.બી. લીંબાસિયા પાસે જવાનું, ફોર્મ કેવી રીતે ભરવું તેનું માર્ગદર્શન મેળવવાનું અને ફોર્મ ભરી આપ્યા બાદ ફાઈલ તૈયાર થઈ જાય એટલે કેટલા 'વહીવટ'થી આ કામ પાર પડશે તે પ્રકાશ નક્કી કરતો હતો. એટલું જ નહીં, આ પ્રક્રિયામાં વિક્રમ પણ અરજદાર સાથે વહીવટ કરતો હોવાનું કહેવાય છે, અને આ સમગ્ર વહીવટ પાર પાડવાની જવાબદારી એક અરજદારને સોંપવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો પણ સામે આવી છે.

આ કારસ્તાનમાં સંડોવાયેલા નાયબ મામલતદારનો કથિત સગો-સંબંધી વિક્રમ પરમાર પોતાની ઓળખ તલાટી તરીકે આપતો હતો અને જ્યારે કોઈ અરજદાર આવે ત્યારે તે પોતાની ઓળખ તલાટી તરીકે આપીને સીધો અરજદાર સાથે શાખાનો કર્મચારી હોય તે રીતે વર્તન અને વ્યવહાર કરતો હતો. આ પ્રકારની લાલિયાવાડી પાછળ કોઈ ઉચ્ચ અધિકારીના આશીર્વાદ હોવાની પ્રબળ શક્યતા વ્યક્ત થઈ રહી છે, કારણ કે જો આવું મોટું કારસ્તાન માત્ર નાયબ મામલતદાર લેવલે ચાલતું હોય તે પણ માની ન શકાય તેવી વાત છે. જો આ બાબતે કલેક્ટર ડો.ઓમપ્રકાશ દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવે અને બિનખેતીની ફાઇલમાં થયેલી નોટિંગ્સની તપાસ થાય તો ઘણા ચોંકાવનારા ખુલાસા થઈ શકે તેમ છે.

આજના સમયમાં પણ ટોચના અધિકારીઓ દ્વારા વચેટિયાઓ પાસે કામ કરાવાતા હોવાના મુદ્દે કોઈ પ્રતિભાવ આપ્યો ન હતો, જે દર્શાવે છે કે આખી વાત શરૂઆતથી જ દબાવી દેવાના પ્રયાસો થઈ રહ્યા છે. જો ગાંધીનગર સુધી આ મામલો પહોંચે અને ગંગાજળ પીવડાવવામાં માહિર નેતાઓ સુધી વાત જાય, તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય તેમ છે. આ શાખાના છેલ્લા ૩ થી ૪ મહિનાના સીસીટીવી ફૂટેજ જોવામાં આવે તો આ ત્રિપુટીના કાળા કરતૂતોનો પર્દાફાશ ચોક્કસપણે થઈ શકે તેમ છે.

જમીન NA કૌભાંડનો ધડાકોઃ શહેરમાં પ્રતિ એકર ૧.૨૫ લાખ અને રૂડા-ગ્રામ્યમાં ૧ લાખ વસૂલ્યાના સનસનાટીભર્યા આક્ષેપ

રાજકોટમાં જમીન બિનખેતી કરાવવા માટેના વહીવટને લઈને અત્યાર સુધીના સૌથી મોટા અને ચોંકાવનારા આક્ષેપો સામે આવ્યા છે, જેના કારણે વહીવટી અને રાજકીય બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. જમીન ગઅ કરાવવાના નામે મોટાપાયે નાણાં ઉઘરાવવામાં આવતા હોવાની ચર્ચાઓ વચ્ચે હવે આંકડાઓ અને પદ્ધતિને લઈને ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.પ્રાપ્ત માહિતી અને આક્ષેપો અનુસાર, રાજકોટ શહેરની હદમાં જમીન ગઅ કરાવવા માટે પ્રતિ એકર રૂ. ૧.૨૫ લાખ નક્કી કરવામાં આવ્યા હતા, જ્યારે રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (રૂડા) અને ગ્રામ્ય વિસ્તારોમાં આ દર પ્રતિ એકર રૂ. ૧ લાખ હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ સમગ્ર ભ્રષ્ટ વ્યવહાર અને નાણાં લેવડ-દેવડની પદ્ધતિ એટલી ગોઠવાયેલી હતી કે, આ નાણાં સીધા એડવોકેટ મારફતે લેવામાં આવતા હોવાનું પણ સામે આવ્યું છે. આ સમગ્ર કૌભાંડ પાછળ કોઈ એકલ-દોકલ વ્યક્તિ નહીં પરંતુ એક ચોક્કસ 'ત્રિપુટી' સક્રિય હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ શંકાસ્પદ ત્રિપુટી દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૧ હજાર જેટલી જમીન ફાઇલો સત્તાવાર અથવા બારોબાર પાસ કરાવી દેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો મૂકવામાં આવી રહ્યા છે. વહીવટી તંત્રની આંખ આડા કાન કરીને ચાલતા આ મોટા કાવતરા અને કથિત વહીવટોને લઈને હવે શહેરમાં ચારેયકોર ચર્ચાઓનું બજાર ગરમ થઈ ગયું છે, ત્યારે આ આક્ષેપો કેટલા પાયાના છે અને તેની પાછળ કોની સંડોવણી છે તે આગામી સમયમાં તપાસનો મોટો વિષય બન્યો છે.

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ક્રાઇમ બ્રાન્ચની કામગીરી

અગિયાર લાખના ૫૧ મોબાઈલ પરત



રાજકોટ, તા. ૧

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ શહેરમાંથી ચોરાયેલા કે ગુમ થયેલા મોબાઈલ શોધી કાઢવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ડીસીબી પોલીસ સ્ટેશનના એસીપી બી.બી. બસીયા અને પીઆઇ એ.એસ. ચાવડાની અધ્યક્ષતામાં વિશેષ ટીમ બનાવીને આ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પોલીસ ટીમ દ્વારા ટેકનિકલ સોર્સના આધારે અને CEIR પોર્ટલમાં સતત મોનિટરિંગ કરીને ગુમ થયેલા તેમજ ચોરાયેલા મોબાઈલ ફોનને ટ્રેસિંગમાં મૂકવામાં આવ્યા હતા. આ આધુનિક ટેકનોલોજીના સઘન ઉપયોગના પરિણામે મોટી સંખ્યામાં મોબાઈલ ફોન શોધી કાઢવામાં પોલીસને સફળતા મળી છે. ઓક્ટોબર મહિનામાં ત. ૧થી ૩૧ દરમિયાન પોલીસે ૫૦ ગુમ થયેલા મોબાઈલ રિકવર કર્યા હતા. આ ઉપરાંત ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાનો એક મોબાઈલ પણ જપ્ત કરાયો હતો. કુલ રૂપિયા ૧૦,૯૨,૪૯૭ના ૫૧ મોબાઈલ ફોન રિકવર કરવામાં આવ્યા છે.

આજે ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ યોજીને તમામ મોબાઈલ અરજદારોને પરત સોંપવામાં આવ્યા હતા. પીઆઇ એ.એસ. ચાવડા, પીઆઇ એમ.એલ. ડામોર અને પીઆઇ સી.એચ. જાદવના હસ્તે ફોન પરત મળતા મૂળ માલિકોએ રાહત અનુભવી હતી. એ.એસ.આઇ ભુપતભાઈ કે. દેસાઈ અને પોલીસ કોન્સ્ટેબલ નગ્માબેન એમ. સુમરા દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

બે બનાવમાં વૃદ્ધ-યુવાનના મોત

કાગદડી ગામ પાસે અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળ્યો, બેભાન યુવાનનું સિવિલમાં મોત

રાજકોટ, તા.૧

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની હદમાં આવતા રાજકોટ-મોરબી હાઇવે પર એક અજાણ્યા પુરુષનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. કાગદડી ગામના પાટીયા પાસે આવેલા એચપી પેટ્રોલ પંપની બાજુમાંથી એક આશરે ૭૦ વર્ષીય અજાણ્યા વૃદ્ધ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. આ અંગે જાણ થતાં ૧૦૮ ઈમરજન્સી સેવાના ઇએમટી રેશ્માબેન ડામોરે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પોલીસમાં જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ વી.ડી. મકવાણાએ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



બીજા બનાવમાં ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વધુ એક અકસ્માતે મોતનો બનાવ નોંધાયો છે. જેમાં ૪૦ વર્ષીય શિવચરણ રામદેવ બર્મા નામના વ્યક્તિનું મૃત્યુ થયું છે. રાજકોટના અટિકા ફાટક, અલ્પેશ રોડ, વેજ પટેલ ચોક ખાતે રહેતા શિવચરણ બર્મા બપોરે બે વાગ્યાની આસપાસ ચામુંડા હોટલ પાસે એક ઝાડ નીચે હતા ત્યારે અચાનક કોઈ કારણોસર બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા ઈમરજન્સી ફરજ પરના તબીબ ડો. હરેશ જેઠવાએ તેમને મૃત જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ સી.જે. ઝાલા મારફતે બનાવની જાણ થતાં આગળની તપાસ પીએસઆઈ વી.એલ. રાઠોડ દ્વારા હાથ ધરાઈ છે.

અજાણ્યા શખ્સ સામે પ્રનગર પોલીસમાં અપહરણનો ગુનો

મહેંદી મુકાવવાનું કહીને ગયેલી કિશોરી લાપતા

રાજકોટ, તા.૧

રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષીય તરુણી લાપતા થતાં અપહરણની ફરિયાદ નોંધાઈ છે. શહેરમાં રહેતી મહિલાએ પોતાની ૧૬ વર્ષ, ૪ માસ અને ૨૭ દિવસની દીકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું છે કે, ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ દીકરીએ બહેનપણીના ઘરે મહેંદી મુકાવવા જવાનું કહ્યું હતું, પરંતુ માતાએ રાત્રે જવાની ના પાડી હતી અને ત્યારબાદ પરિવાર સૂઈ ગયો હતો.

૦૧ નવેમ્બરના રોજ રાત્રે આશરે બે વાગ્યે લક્ષ્મીબેન જાગ્યા ત્યારે દીકરી ઘરમાં જોવા મળી ન હતી. આસપાસમાં અને સગા-સંબંધીઓને ત્યાં તપાસ કરવા છતાં તેનો કોઈ પત્તો ન લાગતા, કોઈ અજાણ્યો શખ્સ તેને કાયદેસરના વાલીપણામાંથી લલચાવી-ફોસલાવીને અપહરણ કરી ગયો હોવાની શંકા સાથે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રદ્યુમનનગર પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ મુજબ ગુનો દાખલ કર્યો છે. પીએસઆઇ એન.પી.રતનએ કેસની વધુ તપાસ હાથ ધરીને કિશોરીને શોધવા કવાયત આદરી છે.



યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં બંધ કરો

રાજ્યના પૂર્વ. મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની ટિપ્પણી, કહ્યું પોલીસને યુવાનોની આબરૂ અને કેરિયર સાથે રમવાનો અધિકાર કોણે આપ્યો?

રાજકોટ, તા. ૧

આજના સમયમાં પોલીસ અને મીડિયા દ્વારા દારૂ કે અન્ય સામાન્ય પ્રકરણોમાં પકડાયેલા યુવક-યુવતીઓના ચહેરા જાહેરમાં બતાવીને તેમના આખા પરિવારની ઈજ્જત ધૂળમાં મેળવવામાં આવી રહી છે, જે અત્યંત આઘાતજનક છે. ગુજરાત સરકાર અને તંત્ર સામે એ સવાલ પૂછવામાં આવી રહ્યો છે કે આ યુવાન દીકરા-દીકરીઓની યુવાનીને શા માટે બરબાદ કરવામાં આવી રહી છે? જેઓ આખી જિંદગી એક કલંક સાથે જીવવા મજબૂર બને છે, તેવા દારૂની પાર્ટીમાંથી પકડાયેલા લોકો સામે આ પ્રકારે આબરૂ ઉછાળવાની નીતિ તદ્દન અયોગ્ય છે. સરકારે મહેરબાની કરીને આ ખોટી નીતિનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે કોઈની પણ આબરૂ પર હાથ મારવાની આ પ્રકારની નકામી કોશિશ ક્યારેય સ્વીકાર્ય ન હોવી જોઈએ.

આ કોઈ મર્ડરનો કેસ નથી, કે ન તો કોઈ બહુ મોટી લૂંટફાટ કે બળાત્કાર જેવો જઘન્ય અપરાધ છે. ગંભીર ગુનાઓમાં આરોપીઓના રક્ષણ કે છૂટા દોરની વાતો થતી હોય છે, પરંતુ સામાન્ય બાબતોમાં યુવાનોના ફોટા છાપીને તેમને જાહેરમાં અપમાનિત કરવામાં આવે છે. પ્રતિષ્ઠિત પરિવારો અને તેમની રેપ્યુટેશનનો વિચાર કર્યા વગર દારૂ પીવાના કેસોમાં અદાલતોની કોટો પણ વગર મતલબના કેસોથી ભરેલી હોય છે. ન્યાયાધીશો પાસે આ બધા માટે સમય નથી હોતો, છતાં આવા લોકોને બદનામ કરવા, તેમના ફોટા અને નામ છાપીને જે પ્રથા ચલાવવામાં આવે છે તેમાં આખરે



શું મળે છે? માત્ર બદનામી સિવાય હાથ કશું નથી લાગતું. કોઈપણ નાગરિકને વગર પૂછે કે નશાની હાલતમાં પકડીને તેનું મીડિયામાં પ્રદર્શન કરવું તે યોગ્ય નથી. દારૂબંધી કે તેના વિરોધની વાત અલગ છે, પરંતુ આ પ્રકારે કોઈના ફોટા છાપવા, તેમને મીડિયામાં ઉઘાડા પાડવા અને તેમની કારકિર્દીને કાયમ માટે દાવ પર લગાવી દેવી તે સદંતર ખોટું છે. પોલીસ ખાતાએ પોતાની મર્યાદાઓમાં રહીને કામ કરવું જોઈએ અને આ પ્રકારે યુવાનોના ફોટા છાપવાની કે તેમને જાહેરમાં હેરાનપરેશાન કરવાની નીતિ પર મર્યાદા મૂકવી જ રહી, જેથી કોઈ નિર્દોષ કે પરિવારનું ભવિષ્ય અંધકારમાં ન ધકેલાય.

આ સમગ્ર મામલો એક નાનકડી બાબત હોઈ શકે છે, અને દરેક વ્યક્તિ પોતાની વિચારસરણી મુજબ તેનો વિરોધ કરી શકે છે. વક્તા પોતે દારૂના સેવનના સખત વિરોધી છે અને ક્યારેય તેનું સેવન કરતા નથી, પરંતુ આ પ્રકારે કોઈપણ નાગરિકને વગર પૂછે, ચાખ્યો ન હોય કે પેટમાં પદરું પણ ન હોય છતાં તેને પકડીને મીડિયામાં રજૂ કરી દેવો અને તેની આબરૂના ધજાગરા ઉડાડવા તે સદંતર ખોટું છે. આવા પ્રકારના ધંધા પોલીસ ખાતાએ પોતાની મર્યાદાઓમાં રહીને અટકાવવા જ પડશે. મહેરબાની કરીને કાયદાકીય રીતે જે પણ કાર્યવાહી થતી હોય તે કરો, પરંતુ યુવાનોના ફોટા છાપવા, તેમને મીડિયામાં ઉઘાડા પાડવા અને તેમની આબરૂ પર પાણી ફેરવવું તે કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી અને આ અયોગ્ય પ્રથાને ત્વરિત બંધ કરવી જ રહી.

શહેર પોલીસની વિકેન્ડ ડ્રાઈવમાં ઠેકઠેકાણે દરોડા

દારૂ સાથે અને દારૂ પીધેલા ૧૬ પકડાયા

આ વિશેષ પેટ્રોલીંગ અને રેઇડ દરમિયાન શહેરમાં ગેરકાયદેસર રીતે દેશી તથા વિદેશી દારૂનું વેચાણ કરતા, કબજામાં રાખતા, વાહનોમાં હેરાફેરી કરતા તેમજ જાહેરમાં નશાની હાલતમાં છાકટા થઈ ફરતા ઈસમો પોલીસના સકંજામાં આવ્યા

રાજકોટ તા. ૧

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રાખવા તેમજ અસામાજિક તત્વો પર લગામ કસવા માટે પોલીસે પ્રોહીબિશન વિરુદ્ધ સઘન ચેકિંગ અને ડ્રાઇવ યોજી હતી. આ વિશેષ પેટ્રોલીંગ અને રેઇડ દરમિયાન શહેરમાં ગેરકાયદેસર રીતે દેશી તથા વિદેશી દારૂનું વેચાણ કરતા, કબજામાં રાખતા, વાહનોમાં હેરાફેરી કરતા તેમજ જાહેરમાં નશાની હાલતમાં છાકટા થઈ ફરતા ઈસમો પોલીસના સકંજામાં આવ્યા છે. પોલીસે અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂના જથ્થા અને વાહનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહીબિશનના કુલ ૧૬ કેસો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દેશી અને વિદેશી દારૂના વેચાણ તેમજ કબજાના ગુનાઓની વિગતો જોઈએ તો બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત મોરબી રોડ રેલવે બ્રિજ નીચેથી વિજયભાઈ સવજીભાઈ પીપળીયા-પટેલ (રહે. રાધીકાપાર્ક ૦૩, મોરબી રોડ, રાજકોટ) નામના શખ્સને કોઈપણ જાતના પાસ પરમીટ વગરના ૦૪ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઉપરાંત, જૂના મોરબી રોડ પરથી રફીક ઉર્ફે પાડો અલારખાભાઇ ભાડુલા (રહે. ગાંધી વસાહત, રાજકોટ) નામના શખ્સ પાસેથી પણ ૦૩ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૬૦૦/- નો ગેરકાયદેસર જથ્થો મળી આવતા તેની સામે કાયદેસરનો ગુનો નોંધવામાં આવ્યો છે.

ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૮૦ ફૂટ રોડ પર આવેલા બાપુનગર સેન્ટ્રી ફ્યુગલ કારખાનામાં રેઇડ દરમિયાન ધર્મેશભાઇ છગનલાલ મોરલ (રહે. માસ્તર સોસાયટી, રાજકોટ) નામના શખ્સના કબજામાંથી વિદેશી દારૂની સીલબંધ બોટલો કુલ રૂ. ૧,૧૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ આવી છે.

થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખોખડદળ નદીના કાંઠે જાહેર રોડ પર વીપુલભાઇ વીઠ્ઠલભાઇ ઝાપડીયા (રહે. જંગલેશ્વર, રાજકોટ) તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને સંયુક્ત રીતે ૧૦ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૨,૦૦૦ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. તેમજ અન્ય એક કેસમાં ચુનારાવાડ શેરી નં. ૦૩ ખાતેથી અરવીંદભાઇ શત્રુધનભાઈ ગારંગ (રહે. ભગવતીપરા, રાજકોટ; મૂળ પશ્ચિમ બંગાળ) નામના શખ્સને સ્પેન્ડર મોટરસાઇકલ કિંમત રૂ. ૩૦,૦૦૦ તથા વિદેશી દારૂના ચપલા નંગ-૪૫ કિંમત રૂ. ૮,૧૦૦ મળી કુલ રૂ. ૩૮,૧૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે.



પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જંકશન મેઈન રોડ નાગરિક બેંક પાસેથી હીરેન મનસુખભાઈ જાંબુકીયા (રહે. રેલનગર, રાજકોટ) ને ૦૨ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૪૦૦/- સાથે ઝડપવામાં આવ્યો છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ ગેઇટ પાસેથી યશભાઇ પંકજભાઇ વરડાંગર (રહે. અમદાવાદ; મૂળ અમરેલી) નામના શખ્સને ચંડીગઢ વેચાણ અર્થેની વિદેશી દારૂની બોટલ કિંમત રૂ. ૪૦૦ સાથે પકડી પાડવામાં આવ્યો છે.

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બજરંગવાડી ચોકી પાસેથી દિપેશ ઉર્ફે ભટીયો દિલીપભાઇ કંબોડીયા (રહે. અક્ષરનગર-૧, રાજકોટ)ને એક્સેસ મોપેડમાં કોઈ પાસ વગરની 'બ્લેન્ડર્સ પ્રાઇડ' વિદેશી દારૂની બોટલો નંગ-૦૬ કિંમત રૂ. ૧૦,૮૦૦ સાથે ઝડપી લેવાયો છે. ગાંધીગ્રામ-૨ (યુનિ.) વિસ્તારમાં પંચાયત ચોક પાસેથી હિત રજનીકાંત ઉંજીયાના પેન્ટના ખિસ્સામાંથી 'ઓલ સિઝન્સ' ઇંગ્લિશ દારૂની બોટલ કિંમત રૂ. ૧૮૦મળી આવી હતી. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આંબેડકર નગર ખાતે હિરાભાઇ રાજાભાઇ રાઠોડના મકાનમાંથી ૧૧ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૨,૨૦૦ મળી આવ્યો હતો, જ્યારે અન્ય કેસમાં 'જહોની વોકર રેડ લેબલ' વિદેશી દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. ડી. સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા રાજકોટ-અમદાવાદ હાઇવે પર ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી કારમાં વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ. ની ૨૮૮ બોટલો કિંમત રૂ. ૭૨,૦૦૦ તથા ગાડી અને મોબાઈલ મળી કુલ રૂ. ૨,૭૭,૦૦૦ ના મુદ્દામાલ સાથે સુનીલ હિતેષભાઇ રાઠોડ (રહે. પાંભર ઇટાળા, લોધિકા) અને ચીરાગ પોપટભાઇ સાગઠીયા (રહે. ખીરસરા) વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત બાબરીયા ચોકથી આહીર ચોક તરફ જવાના રસ્તા પર સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન જાહેરમાં કોઈપણ પ્રકારની અધિકૃત પરવાનગી કે પાસ વગર કેફી પ્રવાહી પીને નશાની હાલતમાં ફરી રહેલા શખ્સો પોલીસની નજરે ચડ્યા હતા.

આ ડ્રાઇવ દરમિયાન પોલીસે હીતેન્દ્રસિંહ ઉર્ફે હકો ભુપતસિંહ જોડેજા (રહે. સનરાઇઝ એપાર્ટમેન્ટ, રેલનગર, રાજકોટ), અભયરાજસિંહ હનુભા ચુડાસમા (રહે. મોરારીનગર, રાજકોટ), યુવરાજસિંહ હનુભા ચુડાસમા (રહે. મોરારીનગર, રાજકોટ) તથા આરીફ ઓસમાણભાઇ મથુપોતરા (રહે. જગ્લેશ્વર, રાજકોટ) સહીતનાને ઝડપી પાડ્યા હતા. આ તમામ શખ્સો સામે પ્રોહીબિશન એક્ટની કલમ ૬૬(૧) બી તથા ૮૫ મુજબ ગુનાઓ નોંધી કાયદેસરની અટકાયતી અને કાનૂની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. રાજકોટ શહેર પોલીસની આ પ્રકારની સતત અને કડક કામગીરીથી દારૂના વેપારીઓ અને નશાખોરોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

સાડા ત્રણ કિલો ચાંદીની ચોરીનો ભેદ ઉકેલાયો : એક ઝડપાયો

ચાંદી, રોકડ મોબાઈલ મળી ૨,૭૪,૩૫૦નો મુદ્દામલ રીકવર કરતી કાઈમ બ્રાંચ



રાજકોટ, તા.૧

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા દ્વારા મિલકત સંબંધી તેમજ વાહન ચોરી અને લૂંટ જેવા અન-ડિટેક્ટ ગુનાઓ વહેલી તકે શોધી કાઢવા ખાસ સૂચના આપવામાં આવી હતી.

આવા માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવ સતત પ્રયત્નશીલ હતા. તે દરમિયાન પીએસઆઇ ડી.પી. ઝાલા અને તેમની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે પોલીસે એક શંકાસ્પદ ઈસમને પકડી પાડી પૂછપરછ કરતા ચાંદીની ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો હતો.

પોલીસે આ ચોરીના ગુનામાં મૂળ રાજસ્થાનના બિકાનેર જિલ્લાના શ્રીડુંગરગઢ તાલુકાના જેસલસર ગામના વતની અને હાલ જયપુરમાં રહેતા ૨૧ વર્ષીય અનિલ પ્રકાશ શર્મા નામના શખ્સની ધરપકડ કરી છે. શ્યામનગર સોલાલા તેજાજીના મંદિર પાસે રહેતો અને વ્યવસાયે ડિલિવરી બોય તરીકે કામ કરતો આ આરોપી શંકાસ્પદ ચાંદીના દાગીના સાથે ઝડપાઈ ગયો હતો.

પકડાયેલા આરોપી પાસેથી પોલીસે મહિલાઓને પગમાં પહેરવાના અલગ-અલગ ડિઝાઇનના ૪૦ જોડી ચાંદીના કળા અને પાયલ જપ્ત કર્યા છે. ૪૫ ટચની આ ચાંદીનું કુલ વજન ૩.૩૫૦ કિલોગ્રામ થાય છે જેની અંદાજિત કિંમત રૂપિયા ૨,૭૧,૩૫૦ આંકવામાં આવી છે. આ ઉપરાંત આરોપી પાસેથી રૂપિયા ૩,૦૦૦ ની કિંમતનો એક પોકો કંપનીનો મોબાઈલ ફોન પણ કબ્જે કરવામાં આવ્યો છે. આમ ક્રાઈમ બ્રાન્ચે કુલ રૂપિયા ૨,૭૪,૩૫૦ નો મુદ્દામાલ રિકવર કરીને મોટી સફળતા મેળવી છે.

આ શખ્સની ધરપકડ થતાં રાજકોટના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો ચોરીનો ગુનો ડીટેક્ટ કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ ડી.પી. ઝાલા તેમજ એ.એસ.આઇ. યશવંતભાઇ ભગત, હેડ કોન્સ્ટેબલ કરણભાઇ કોઠીવાળ, રાજદીપભાઇ પટગીર, અમિતભાઇ ટુંડીયા, પુષ્પરાજસિંહ ગોહિલ, મોહિલરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપરા, કિશનભાઇ પાંભર, મહાવીરસિંહ જાડેજા, પોપટભાઇ ગમારા અને રઘુવીરસિંહ જાડેજા દ્વારા ડીલીવરી બોયને ઝડપી લેવાની કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટમાં તહેવાર ટાણે ચોરટા મેદાનેઃ ભાવનગર રોડ પર બનાવ

કુરિયર ઓફિસનું તાળું તોડી ૪.૫૬ લાખની ચોરી

બંસી જ્વેલર્સનું ૩ કિલો ૫૫૩ ગ્રામ વજન ધરાવતું ચાંદીના પાર્સલની ચોરી થતાં વેપારીએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી ફરિયાદ

રાજકોટ તા. ૧

શહેરના ભાવનગર રોડ પર પ્રગતિ કોમ્પ્લેક્ષની બાજુમાં આવેલી 'સોમાની લોજીક્સ એન્ડ પાર્સલ સર્વિસીઝ પ્રાઇવેટ લિમિટેડ' નામની કુરિયર ઓફિસને તસ્કરોએ નિશાન બનાવી રૂ. ૪,૫૬,૭૩૮ની કિંમતની ચાંદીની જ્વેલરી ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર વેપારી દ્વારા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ઓફિસના સંચાલક નારાયણ સુશીલકુમાર સોમાની ઈમિટેશન તથા ચાંદીના જ્વેલરીના પાર્સલોનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૨૮/૧૦ના રોજ રાત્રિના અંદાજે સાડા આઠ વાગ્યાના અરસામાં તેમના ઓફિસ



સ્ટાફ મુકેશભાઈ દ્વારા શક્તિ સોસાયટી, સંતકબીર રોડ પર આવેલ 'બંસી જ્વેલર્સ'નું ચાંદીની જ્વેલરીનું એક પાર્સલ ઓફિસે લાવવામાં આવ્યું હતું. આ પાર્સલ અજમેર, રાજસ્થાન ખાતે આવેલ 'શ્રી અરીહંત જ્વેલર્સ'ને મોકલવાનું હતું અને તેનું બિલ પણ આપવામાં આવ્યું હતું. આ ચાંદીના પાર્સલનું કુલ વજન ૩ કિલો ૫૫૩ ગ્રામ હતું, જેની બિલ મુજબની કુલ કિંમત રૂપિયા ૪,૫૬,૭૩૮ હતી. રાત્રિના સાડા છ વાગ્યાના અરસામાં ઓફિસનું શટર બંધ કરી તાળું મારી સ્ટાફ ઘરે ગયો હતો.

બીજા દિવસે તા. ૨૯/૧૦/૨૦૨૬ના રોજ સવારે અંદાજે સાડા ચાર વાગ્યાના અરસામાં નારાયણભાઈ તથા મુકેશભાઈ ઓફિસે પહોંચ્યા ત્યારે ઓફિસના શટરને મારેલું તાળું જોવા મળ્યું ન હતું. જેથી શટર ખોલી અંદર જઈને તપાસ કરતા અગાઉ રાખેલું બંસી જ્વેલર્સનું ચાંદીનું પાર્સલ ગાયબ હોવાનું માલુમ પડ્યું હતું. ઓફિસમાં આજુબાજુ સઘન શોધખોળ કરવા છતાં પાર્સલ ક્યાંય જોવા મળ્યું ન હતું.

ઘટના અંગે તુરંત જ ૧૧૨ નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરવામાં આવી હતી. ગત તા. ૨૮ના રોજ રાત્રિના સાડા આઠ વાગ્યાથી તા. ૨૯ના રોજ વહેલી સવારે સાડા ચાર વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ચોરે સોમાની લોજીક્સ એન્ડ પાર્સલ સર્વિસીઝ પ્રાઇવેટ લિમિટેડની ઓફિસના શટરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ૩ કિલો ૫૫૩ ગ્રામ વજનની અને રૂપિયા ૪,૫૬,૭૩૮ ની કિંમતની ચાંદીની જ્વેલરીનું પાર્સલ ચોરી કરી ગયા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ મામલે ધોરણસર કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બે વર્ષથી અલગ રહેતી પુત્રીના ઓળખીતા શખ્સે લોન કરાવી આપવાનું કહી સોનાના દાગીના અને રોકડા પડાવી લીધા બાદ ફોન બંધ કરી દીધા

પ્લોટ-મકાનની લાલચ આપી અને દાગીનાની ઠગાઈ

જામનગર રોડ પર મકાન બનાવી આપવાનું કહીને દિલીપભાઈ ઉર્ફે કીરીટભાઈ વડગામાએ આચર્યું છેતરપિંડીનું કારસ્તાન

રાજકોટ તા. ૧

શહેરના રૂખડીયાપરા શેરી નં-૧, લાજપોરની દરગાહની બાજુમાં રહેતા જીન્નતબેન વા/ઓફ કાળુભાઈ હસુબાઈ શેખ ફકીરે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની સાથે દિલીપભાઈ ઉર્ફે કીરીટભાઈ કાંતીલાલ વડગામા (રહે. બાવા ખાબરીયા, જામનગર) નામના શખ્સે મોટો વિશ્વાસઘાત અને ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર, અગાઉથી પરિચિત એવા દિલીપભાઈએ જીન્નતબેનની પુત્રી નસીમબહેનને ફોન કરીને જામનગર રોડ પર પરૈયાપણીયા રોડ પર આવેલી હોટલ સામે પ્લોટ અપાવી તેમાં બે માળનું મકાન બનાવી આપવાની વાત કરી હતી. જો કે, આ માટે પૂરતા પૈસા ન હોય તો જેટલા હોય તેટલા રોકડા આપવા અને બાકીના રપિયાની લોન કરાવી આપવાની લાલચ આપી હતી. આરોપીએ વિશ્વાસમાં લેવા માટે જામનગર રોડ પર પરૈયાપણીયા પાસે એક પ્લોટ બતાવીને આ જ પ્લોટ પર મકાન બનાવી આપવાનું નક્કી કર્યું હતું.

આ લોભામણી વાતોમાં આવી જઈને જીન્નતબેને ગત તા. ૦૧/૦૬/૨૦૨૬ના રોજ બપોરે એસ.બી.આઈ. બેંકના એકાઉન્ટમાંથી રૂ. ૧,૩૦,૦૦૦ રોકડા ઉપાડીને દિલીપભાઈને આપ્યા હતા. તે જ દિવસે તેમની પાસે રહેલા સોનાના દાગીના-જેમાં દોઢ તોલાની ચેન, દોઢ તોલાનું લોકેટ, એક તોલાના બુટીયા, એક તોલાનું અંબોડાલાટ અને અડધા તોલાની કાનની ચેઇન સહિત કુલ સાડા પાંચ તોલા સોનું જેની કિંમત અંદાજે રૂ. ૩,૫૦,૦૦૦ થાય છે તે બેંકમાં મૂકી લોન કરાવી આપવાનું કહીને દિલીપભાઈ કઢાવીને સાથે લઈ ગયા હતા.

ત્યારબાદ મકાનનું કામ આગળ ન વધતા અને પાયા ભરાયા હોવાના માત્ર ખોટા વાયદાઓ આપતા, જીન્નતબેને અવારનવાર ફોન કર્યા હતા. પરંતુ છેલ્લા એક મહિનાથી દિલીપભાઈએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને ગોળગોળ જવાબો આપતા હતા. પોતાની સાથે રૂ. ૧,૩૦,૦૦૦રોકડા અને રૂ. ૩,૫૦,૦૦૦ની કિંમતના સોનાના દાગીના મળી કુલ રૂ. ૪,૮૦,૦૦૦ની છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થતાં જીન્નતબેને પુત્રી નસીમબહેનની હાજરીમાં પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં આરોપી દિલીપભાઈ ઉર્ફે કીરીટભાઈ કાંતીલાલ વડગામા સામે કાયદેસરની ધોરણસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

સારી જિંદગી જીવવી હોય તો પિયરથી પૈસા લઈ આવ

પરિણીતાને ત્રાસ આપનાર પતિ, સાસુ-સસરા સામે ગુનો

લગ્નના થોડા સમય બાદ જ શરૂ થયો ત્રાસ, પરિણીતાની મહિલા પોલીસમાં ફરિયાદ



રાજકોટ, તા.૧

રાજકોટના મવડી રોડ વિસ્તારમાં રહેતી ધનવીબેન (ઉ.વ. ૨૦) નામની પરિણીતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ધનવીબેનના લગ્ન ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ઉમંગ કનૈયાલાલ પોલરા સાથે થયા હતા. લગ્નના અઢી મહિના સુધી બધુ બરાબર ચાલ્યું હતું, પરંતુ ત્યારબાદ પતિ ઉમંગે દારૂ પીવાની આદતને કારણે ઝઘડા શરૂ કર્યા હતા. તે અવારનવાર દારૂ પીને આવતો અને નાની-નાની વાતોમાં ધનવીબેન સાથે ઝઘડો કરી માર મારતો હતો.

આરોપી પતિ ઉમંગભાઈ પત્નીને ખર્ચ માટે પૈસા ન આપતો અને ઉલટું તેને કમાવા જવા અને તેને પણ ખવડાવવા મહેણાં મારતો હતો. સાસુ હીનાબેન પણ ઘરકામ બાબતે મહેણાં-ટોણાં મારતા અને સારી જિંદગી જીવવી હોય તો પિયરથી પૈસા લઈ આવવા દબાણ કરતા હતા. સસરા કનૈયાલાલ પોલરા પણ સાસુ અને પતિનો સાથ આપતા હતા. તેઓ ધનવીબેનને ઘરની બહાર નીકળવા દેતા ન હતા તેમજ પડોશીઓ કે પિયર પક્ષના લોકો સાથે વાત પણ કરવા દેતા ન હતા.

ત્રાસથી કંટાળીને ધનવીબેન પોતાના પિયર જતાં રહ્યા હતા અને બાદમાં સમાધાન થતા ફરી સાસરે આવ્યા હતા. પરંતુ ફરીથી ત્રાસ શરૂ થતાં તેઓ ફરી પિયર જતા રહ્યા હતા. તારીખ ૨૭ મે ૨૦૨૬ ના રોજ પતિએ તેમને શીતલ પાર્ક ખાતે મળવા બોલાવી ત્યાં પણ ઝઘડો કરી જાહેરમાં માર માર્યો હતો. આ અંગે તેમણે ૧૧૨ પર ફોન કરી પોલીસ બોલાવી હતી અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ અરજી પણ કરી હતી.

ધનવીબેન અત્યારે શાસ્ત્રીનગરમાં પોતાના પિયરે રહે છે. તેમની ફરિયાદના આધારે મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ ઉમંગભાઈ પોલરા, સસરા કનૈયાલાલ પોલરા અને સાસુ હીનાબેન પોલરા (રહે. તમામ સ્વાશ્રય શેરી નં. ૨, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. વધુ તપાસ પીએસઆઈ બિંદુબહેન પલાચરીયાએ હાથમાં લઈને ત્રણેયની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

રંગીલા રાજકોટની સરાઝા હોટેલમાં ચિરાગ પટેલના જન્મદિનની આગોતરી પાર્ટીમાં જામી હતી બરાબરની રંગત, ત્યાં પોલીસે પાડ્યો રંગમાં ભંગ

હોટલ'માં દારૂની હાઈપ્રોફાઈલ મહેફિલમાં ૪૦ પીધેલા ઝબ્બે

એલસીબી ઝોન-૨નો દરોડોઃ ૩૩ મહિલા, યુવતીઓના બ્લડ સેમ્પલ લેવાયા : પાંચેક હુક્કા અને વિદેશી દારૂનો જથ્થો જપ્તઃ તાલુકા પોલીસમાં ગુનો દાખલ થયોઃ શનિવાર રાતે રેડ પડી, રવિવાર સાંજ સુધી પોલીસની કામગીરી ચાલી









વેપારીઓ, ઉદ્યોગપતિઓની હતી પાર્ટીઃ મોંઘોદાટ શરાબ પીરસાયો હતોઃ પીરસનારા ત્રણ પણ ટલ્લી થઈ ગયેલા હતાંઃ સૌરાષ્ટ્રભરમાં ચકચારઃ ડીસીપી રાકેશ દેસાઈ, એસીપી બી.જે. ચૌધરીએ વિગતો આપીઃ પીએસઆઈ એસ.વી. ચુડાસમા અને ટીમનો દરોડો





રાજકોટ, તા. ૧

શહેરના કાલાવડ રોડ પર કોસ્મોપ્લેક્સ સિનેમા સામે આવેલી 'સરાઝા હોટલ'ના બીજા માળે આવેલા બેન્કવેટ હોલમાં એલ.સી.બી. ઝોન-૨ ની ટીમે મોડી રાત્રે દરોડો પાડી દારૂની ગેરકાયદેસર મહેફિલ ઝડપી પાડી છે. ચિરાગ અરવિંદભાઈ પટેલના જન્મદિનની એડવાન્સ પાર્ટીના નામે આયોજિત આ મહેફિલમાંથી પોલીસે ૪૦ જેટલા શખ્સો સામે નામજોગ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વધુ માહિતી મુજબ શહેરના વ્યસ્ત ગણાતા કાલાવડ રોડ પર કોસ્મોપ્લેક્સ સિનેમા સામે આવેલી 'સરાઝા હોટલ'ના બીજા માળે આવેલા બેન્વેટ હોલમાં એલ.સી.બી. ઝોન-૨ ની ટીમે બાતમીના આધારે મોડી રાત્રે સપાટો બોલાવ્યો હતો. હોલમાં આરોપી ચિરાગ અરવિંદભાઈ પટેલના જન્મદિનની એડવાન્સ પાર્ટીની આડમાં વિદેશી દારૂ અને હુક્કાની ગેરકાયદેસર મહેફિલ ચાલી રહી હતી. પોલીસે દરોડો પાડીને વિદેશી દારૂનો જથ્થો, હુક્કા અને અન્ય મુદ્દામાલ સાથે અંદાજે ૧૦૦ જેટલા સ્ત્રી-પુરુષોને ઝડપી લીધા છે. જેમાં ૪૦ પુરૂષો સામે પીધેલાનો ગુનો દાખલ થયો છે. ૩૩ યુવતીઓ મહિલાઓએ પીધો હતો કે કેમ તે જાણવા મેડિકલ ચેકઅપ કરવાયા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે એલ.સી.બી. ઝોન-૨ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે સરાઝા હોટલના બેન્કવેટ હોલમાં ચિરાગ અરવિંદભાઈ પટેલ પોતાના જન્મદિનની એડવાન્સ પાર્ટી ઉજવી રહ્યા છે અને મોટી સંખ્યામાં લોકો દારૂની મહેફિલ માણી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે મહિલા પોલીસ કર્મચારીઓ તથા પંચોને સાથે રાખીને હોલમાં રેડ કરી હતી. રેડ દરમિયાન હોલમાં હાજર સ્ત્રી અને પુરુષો પોતાની જગ્યાઓથી દોડધામ કરતા થઈ ગયા હતા.

પોલીસે હોલની તલાશી લેતા ટેબલ અને કાઉન્ટર પરથી પેટ્રન સિલ્વર ટેક્વિલા, ગ્લેનલિવેટ અને જોની વોકર ગોલ્ડ લેબલ જેવી મોંઘી બ્રાન્ડની વિદેશી દારૂની ભરેલી તથા ખાલી બોટલો મળી આવી હતી. આ ઉપરાંત ૪૦ જેટલા કાચ અને પ્લાસ્ટિકના ગ્લાસો, કોલ્ડ ડ્રિંક્સની ખાલી બોટલો તેમજ પાંચ હુક્કા પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે કુલ રૂ. ૧૭,૫૦૦ની કિંમતનો પ્રોહીબીશન મુદ્દામાલ કબજે કર્યો છે. પાર્ટીના આયોજકો અને પકડાયેલા શખ્સોના નામ અને પૂરા સરનામાંની વિગતો પોલીસે જાહેર કરી હતી.

ગુનો દાખલ થયો છે તેમાં ચિરાગ અરવિંદભાઈ પટેલ (ઉ.વ. ૩૯, ધંધોઃ વેપાર) - સરનામુંઃ કાલાવડ રોડ, અવધ મેઈન રોડ, ડેકોરા હાઈલેન્ડ ફ્લેટ નં. ૧૦૦૧, રાજકોટ (પાર્ટીના આયોજક), મનપ્રતસિંઘ ધ્યાનસિંઘ - સરનામુંઃ સરાઝા હોટલના બેન્વેટમાં પાર્ટીનું આયોજન કરનાર, હિન્તેન્દ્રસિંહ પર્વતસિંહ ચૌહાણ (ઉ.વ. ૨૨, ધંધોઃ પ્રા.નોકરી) - સરનામુંઃ મૂળ ગામ - સમાવત વાડા, તા. જી. ભાવરા, ઉદયપુર, હાલ ઉદયપુર સેક્ટર - ૮, મનવાખેડા સોસાયટી, રાજકોટ, હર્ષવર્ધનસિંહ શંભુસિંહ ચૌહાણ (ઉ.વ. ૨૧, ધંધોઃ પ્રા.નોકરી) - સરનામુંઃ ગામ ઠોકર, તા. સેમારી, ઉદયપુર, કેતુલ વિનોદભાઈ શાહ (ઉ.વ. ૨૧, ધંધોઃ પ્રા.નોકરી) - સરનામુંઃ ન્યારી ડેમ પાસે, સ્પ્રિંગ અપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૩૦૧, રાજકોટ, મેહુલ કાનાભાઈ ચાવડા - સરનામુંઃ રાજકોટ, નીખીલ જમનભાઈ પટેલ (ઉ.વ. ૪૪, ધંધોઃ બિલ્ડર) સરનામુંઃ કાલાવડ રોડ, અવધ મેઈન રોડ, ડેકોરા હાઈલેન્ડ એ બિલ્ડીંગ પી-૧, રાજકોટ, કૃણાલ કરણભાઈ અગ્રવાલ (ઉ.વ. ૪૧, ધંધોઃ ટ્રેડીંગ) સરનામુંઃ ૪૫, ગીતા ભવન સાંઈનગર સોસાયટી, બીગબજાર પાછળ, રાજકોટ, ધલવ ધીરૂભાઈ માકડીયા (ઉ.વ. ૪૦, ધંધોઃ વેપાર) - સરનામુંઃ મોટામાવા, માસુમ સ્કુલની પાસે, વીનસર ગાર્ડન ફ્લેટ નં. એ-૮૦૧, રાજકોટ, મનીષ વલ્લભભાઈ પટેલ (ઉ.વ. ૪૨, ધંધોઃ વેપાર) - સરનામુંઃ સાધુવાસવાણી રોડ, ડેકોરા ઉત્સવ ફ્લેટ બી-૧૦૧, રાજકોટ, હિત અનિલભાઈ પટેલ (ઉ.વ. ૩૧, ધંધોઃ વેપાર) સરનામુંઃ સી-ડીવાઈન હાઈલેન્ડ, સાયન્સ સીટી રોડ, અમદાવાદ, સ્મીત મનસુખભાઈ રોજીવાડીયા (ઉ.વ. ૩૩, ધંધોઃ કન્ટ્રક્શન) - સરનામુંઃ બોડકદેવ, રાજપથ રોડ, શુભમ સ્કાય એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૨૦૧, અમદાવાદ પકડાયા છે.

આ ઉપરાંત આરોપીઓમાં રોહીત મગનભાઈ સોનેપરા (ઉ.વ. ૫૧, ધંધોઃ વેપાર) - સરનામુંઃ સાધુવાસવાણી રોડ, સાધુવાસવાણી સ્કુલની સામે, હરીનગર શેરી નં. ૧, રાજકોટ, કૌશીક પોપટભાઈ રાઠોડ (ઉ.વ. ૪૨, ધંધોઃ કોન્ટ્રાક્ટર) - સરનામુંઃ ગુરૂંજનપાર્ક મે.રોડ, પ્રેમમંદિર પાછળ, ડેકોરા વેસ્ટી વીંગ-જી ફ્લેટ નં. ૧૦૦૧, રાજકોટ, ઉજસ જમનભાઈ વાછાણી (ઉ.વ. ૫૩, ધંધોઃ બાંધકામ) સરનામુંઃ ડેકોરા વેસ્ટીલ વીંગ ફ્લેટ નં. ૧૧૦૨, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ પણ સામેલ છે.

અન્ય આરોપીઓમાં ધર્મેશ રમણીકભાઈ પટેલ (ઉ.વ. ૪૫, ધંધોઃ પ્રા.નોકરી) સરનામુંઃ જીવરાજપાર્ક, ગોલ લાઈટ્સ ફ્લેટ નં. ૧૦૦૧, રાજકોટ, ગૌરવ હરીભાઈ પટેલ (ઉ.વ. ૪૦, ધંધોઃ ફર્નિચર કામ) સરનામુંઃ હરીનગર શેરી નં. ૩, શિવ અપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૩૦૧, રાજકોટ, અભય નરેન્દ્રભાઈ જવીયા (ઉ.વ. ૪૪, ધંધોઃ વેપાર) સરનામુંઃ સાધુવાસવાણી રોડ, પેલેડીયમ અપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૦૨, રાજકોટ, સુરજ રજનીકાંતભાઈ કાનાબાર (ઉ.વ. ૩૮, ધંધોઃ વેપાર) - સરનામુંઃ સ્કાઈ ગાર્ડન વીંગ-એ ફ્લેટ નં. ૧૦૧, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ, વિહાન ઉજાસભાઈ વાછાણી (ઉ.વ. ૨૫, ધંધોઃ વેપાર) - સરનામું ડેકોરા વેસ્ટીલીસ્ટન, સેક્ટર-૨, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ, દેવ મિતુલભાઈ કાલરીયા (ઉ.વ. ૨૪, ધંધોઃ વેપાર) - સરનામુંઃ ડેકોરા હીલ્સ ફ્લેટ નં. ૮૦૧, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ, વીર મિતુલભાઈ કાલરીયા (ઉ.વ. ૧૯, ધંધોઃ અભ્યાસ) સરનામુંઃ ડેકોરા હીલ્સ ફ્લેટ નં. ૮૦૧, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ. હાર્દિક કીરીટભાઈ ગઢીયા (ઉ.વ. ૩૭, ધંધોઃ વેપાર) - સરનામુંઃ કરણ અર્જુન પાર્ટી પ્લોટ પાછળ, એકવા ફ્લેટ બી-૧૦૦૨, રાજકોટ. જીજ્ઞેશ ભુદરજીભાઈ સંચાણીયા (ઉ.વ. ૪૫, ધંધોઃ વેપાર) સરનામુંઃ હરીદ્વાર હાઈટ્સ ફ્લેટ નં. ૧૧૦૩, રાજકોટ, વિરેન જયકુમાર તલસાણીયા (ઉ.વ. ૩૮, ધંધોઃ વેપાર) - સરનામુંઃ પંચશીલ સોસાયટી, શેરી નં. ૧૧/૩, માલવીયાનગર, રાજકોટ, ગૌરવ ધર્મેશભાઈ વીરડીયા (ઉ.વ. ૩૭, ધંધોઃ વેપાર) સરનામુંઃ વૈષ્ણોવી મકાન, સિલ્વર સ્ટોન સોસાયટી બંગલો નં. ૪, રીલાયન્સ મોલ પાછળ, રાજકોટના નામો છે.

એફઆઈઆરમાં બીજા જે આરોપીઓ છે તેમાં હાર્દિક અનીલભાઈ ઠક્કર (ઉ.વ. ૩૮, ધંધોઃ પ્રા.નોકરી) - સરનામુંઃ અભીલાષા પાર્ક, શેરી નં. ૧, નિર્મળા રોડ, રાજકોટ, હાર્દિક પ્રફુલચંદ્રભાઈ ગોહિલ (ઉ.વ. ૪૩) - સરનામુંઃ માઉન્ટવિલે ૭૨, ન્યારે રોડ, રીજન્સી લગુન પાસે, રાજકોટ. ડેનીશ ચંદ્રકાંતભાઈ સેજપાલ (ઉ.વ. ૩૮, ધંધોઃ વેપાર) - સરનામુંઃ રોયલપાર્ક મેઈન રોડ, ઈન્દીરા સર્કલ, ગેલેક્ષી અપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૨૨, રાજકોટ, ભાર્ગવ ધર્મેશભાઈ પટેલ (ઉ.વ. ૩૭, ધંધોઃ વેપાર) - સરનામુંઃ જયપાર્ક ૨, નાનામાવા રોડ, શ્રદ્ધા મકાન, રાજકોટ, જેનીશ દિપકભાઈ વસાણી (ઉ.વ. ૩૭, ધંધોઃ વેપાર) - સરનામુંઃ મોટામાવા, ગ્રીનફ્લીલ્ડ ગાર્ડન, સી વીંગ ફ્લેટ નં. ૬૦૨, રાજકોટ, સંદિપ પાંચાભાઈ સોરઠીયા (ઉ.વ. ૩૮, ધંધોઃ વેપાર) - સરનામુંઃ સિલ્વર હાઈટ્સ, વીંગ ૯, ફ્લેટ નં. ૧૫૦૨, નાનામાવા સર્કલ, રાજકોટ, દેવાંશ કમલેશભાઈ શાહ (ઉ.વ. ૪૦, ધંધોઃ વેપાર) - સરનામુંઃ અનુરાગ સોસાયટી મકાન નં. બી-૨૧, અકોટા, વડોદરા, ગૌરવ ધીરેનભાઈ અજમેરા (ઉ.વ. ૩૬, ધંધોઃ વેપાર) - સરનામુંઃ રાધિકા અપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૪૦૧, નિર્મળા કોન્વેન્ટ રોડ, રાજકોટ, કુશ સંજયભાઈ ભાડાણીયા (ઉ.વ. ૩૫, ધંધોઃ વેપાર) - સરનામુંઃ એ-૧, સીમંધર એન્કલેવ, જનતાનગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, કુશલ લક્ષ્મીદાસ ભાલોડીયા (ઉ.વ. ૩૬, ધંધોઃ વેપાર) - સરનામુંઃ ઓલીવ ગ્રીન્સ, આઈ બ્લોક, ૧૪૦૧, ગોતા, અમદાવાદ, દિપક અમૃતલાલ કોટક (ઉ.વ. ૩૯, ધંધોઃ વેપાર) - સરનામુંઃ દીપક મકાન, શાંતીનિકેતન સોસાયટી, શેરી નં. ૧૫, કાલાવડ રોડ, રાજકોટ, અક્ષત શક્તિભાઈ ગોયલ (ઉ.વ. ૪૦, ધંધોઃ વેપાર) - સરનામુંઃ મકાન નં. ૮, છહરલી રોડ, જકાદરી, યમુનાનગર, હરીયાણા સામેલ થાય છે.

વધુ માહિતી મુજબ ઘટનાસ્થળે હાજર રહેલી અંદાજે ૩૩ જેટલી યુવતીઓ અને સ્ત્રીઓની મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી અને તમામની મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ ખાતે રિપોર્ટ મોકલવામાં આવ્યો છે. પોલીસે પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(૧)બી, ૮૧, ૮૩, ૮૯, ૧૧૬, ૧૧૬(બી) તેમજ ૭૫(એ) મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

આ કામગીરી ડીસીપી રાકેશ દેસાઈ, એસીપી બી.જે. ચૌધરીના માર્ગદર્શનમાં એલ.સી.બી. ઝોન-૨ રાજકોટ શહેરની ટીમ દ્વારા કરવામાં આવી હતી. જેમાં પો.હેડ કોન્સ. સત્યજીતસિંહ દિગ્વિજયસિંહ જાડેજાની ફરિયાદી તરીકેની ભૂમિકા સાથે પો.સબ ઇન્સ. એસ.વી. ચુડાસમા તથા એ.એસ.આઈ. જે.વી. ગોહિલ, આર.એન. મિયાત્રા, એ.એસ.આઈ. હરપાલસિંહ જે. જાડેજા, પો.હેડ કોન્સ. શક્તિસિંહ ગોહિલ, સહદેવસિંહ જાડેજા, હેમેન્દ્રભાઈ વાધિયા, અને પો.કોન્સ. કુલદીપસિંહ રાણા, મૈસુરભાઈ કુંભારવાડિયા તથા શિવભદ્રસિંહ ગોહિલ સહિતના પોલીસ સ્ટાફે હાજર રહી દરોડાની કાયદેસરની કાર્યવાહી પાર પાડી હતી. વિશેષ તપાસ યથાવત રખાઈ છે. રાજ્યભરમાં આ દરોડાની ચર્ચાઓ છે.

ગુજરેરાએ સમગ્ર રાજ્યમાં ૪,૮૦૪ ફરિયાદોનું નિવારણ કરીને ગ્રાહકોના હિતોનું રક્ષણ કર્યું

RERAમાં રાજકોટની ફરિયાદ નિવારવામાં બુલેટ સ્પીડ

કુલ ૭૪ માંથી ૬૫ કેસ સોલ્વ, ચાલુ વર્ષે જ ઓન ધ સ્પોટ ૧૦ નિકાલ! : રાજ્યભરમાં ૬,૪૦૨ ફરિયાદો વચ્ચે અમદાવાદ ૨,૫૪૭ કેસ સાથે ટોપ પર; રાજકોટનો સકસેસ રેટ ૮૭.૮% રહ્યો

રાજકોટ, તા. ૧

ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોના હિતોનું જતન કરવા અને બિલ્ડર-મકાનમાલિક વચ્ચેના વિવાદો પારદર્શક રીતે ઉકેલવા માટે કાર્યરત ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી ખાતે ફરિયાદો અને તેના નિવારણને લઈને મહત્વના આંકડા સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૭માં ગુજરેરા અમલમાં આવ્યાથી લઈને આજ દિન સુધીમાં રાજ્યભરમાં સેક્શન ૩૧ મુજબ કુલ ૬,૪૦૨ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ ફરિયાદોના આંકડાકીય વિશ્લેષણમાં સમગ્ર રાજ્યમાં અમદાવાદ ૨,૫૪૭ ફરિયાદો સાથે મોખરાના સ્થાને રહ્યું છે. અમદાવાદ બાદ રાજ્યના અન્ય મોટા શહેરોની તુલનાએ રાજકોટમાં ફરિયાદોનું પ્રમાણ સરખામણીમાં ઘણું ઓછું એટલે કે માત્ર ૭૪ નોંધાયું છે, પરંતુ ફરિયાદ નિવારણના કિસ્સામાં રાજકોટનો સકસેસ રેટ અત્યંત સરાહનીય



અને ઝડપી રહ્યો છે.

રાજકોટની વાત કરવામાં આવે તો ૨૦૧૭થી આજ સુધીમાં નોંધાયેલી કુલ ૭૪ ફરિયાદોમાંથી ઓથોરિટી દ્વારા ૬૫ ફરિયાદોનું સફળતાપૂર્વક નિવારણ લાવી દેવાયું છે. એટલે કે નોંધાયેલી કુલ ફરિયાદોમાંથી ૮૭ ટકાથી વધુ કેસોમાં ગ્રાહકોને ન્યાય મળી ચૂક્યો છે. એટલું જ નહીં, વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન રાજકોટમાંથી કુલ ૪ નવી ફરિયાદો નોંધાઈ છે, જેની સામે ગુજરેરાએ ભૂતકાળના પેન્ડિંગ કેસો સહિત કુલ ૧૦ ફરિયાદોનો સફળતાપૂર્વક ઉકેલ લાવીને કામગીરીમાં ભારે ઝડપ દર્શાવી છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે રાજકોટમાં રિયલ એસ્ટેટ વિવાદોનું પ્રમાણ અન્ય મહાનગરોની સરખામણીએ ઓછું છે અને જે ફરિયાદો બોર્ડ સમક્ષ પહોંચે છે તેનો પણ ઝડપથી નિકાલ કરવામાં આવી રહ્યો છે.

બીજી તરફ સમગ્ર ગુજરાતના સ્તરે ગુજરેરાની કામગીરીની સમીક્ષા કરીએ તો, રાજ્યભરમાંથી આવેલી કુલ ૬,૪૦૨ ફરિયાદોમાંથી ઓથોરિટીએ અત્યાર સુધીમાં ૪,૮૦૪ ફરિયાદોનું નિવારણ કરી દીધું છે. આ દર્શાવે છે કે ગુજરેરા માત્ર ફરિયાદો સ્વીકારવાનું માધ્યમ નથી બન્યું પણ ગ્રાહકોને સમયસર ન્યાય અપાવવામાં પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. બિલ્ડરો દ્વારા પ્રોજેક્ટમાં વિલંબ, કરાર મુજબની સુવિધાઓ ન આપવી કે નાણાકીય ગોટાળા જેવા કિસ્સાઓમાં ગ્રાહકો માટે ગુજરેરા આશાનું કિરણ સાબિત થયું છે, જ્યાં કાનૂની ગૂંચવણો વગર ઝડપી ઉકેલ મળી રહ્યો છે.

ફરિયાદો ઓછી, નિકાલની ઝડપ સૌથી વધુ!

રાજકોટના રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોની ફરિયાદોનું નિવારણ લાવવામાં ગુજરેરાએ અભૂતપૂર્વ કામગીરી દર્શાવી છે. રાજકોટમાં નોંધાયેલી કુલ ૭૪ ફરિયાદોમાંથી ૬૫ ફરિયાદોનો સફળતાપૂર્વક આખરી નિકાલ લાવી દેવાયો છે. ચાલુ વર્ષે રાજકોટમાં નવી માત્ર ૪ ફરિયાદો દાખલ થઈ છે, જેની સામે ગુજરેરાએ ભૂતકાળના બાકી કેસો સહિત કુલ ૧૦ ફરિયાદોનો ઓન ધ સ્પોટ નિકાલ કરીને ઝડપી ન્યાયનો દાખલો બેસાડ્યો છે.

રાજ્યમાં ૩,૫૧૯ પ્રોજેક્ટને એક્સટેન્શન જેમાંથી રાજકોટના ૩૦૩ પ્રોજેક્ટ

ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે પ્રોજેક્ટ પૂરા કરવાની સમયમર્યાદા અને ગુજરેરાના નિયમોના પાલનને લઈને એક મહત્વનો આંકડો સામે આવ્યો છે. વર્ષ ૨૦૧૭થી લઈને આજ દિન સુધીમાં રાજ્યભરમાં વિવિધ કારણોસર વિલંબમાં પડેલા કુલ ૩,૫૧૯ પ્રોજેક્ટ્સને ગુજરેરા દ્વારા એક્સટેન્શન એટલે કે સમયમર્યાદામાં વધારો આપવામાં આવ્યો છે. આ રાજ્યવ્યાપી આંકડામાં સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર સમાન રાજકોટનો પણ મોટો હિસ્સો રહ્યો છે. રાજકોટમાં ૨૦૧૭થી અત્યાર સુધીમાં કુલ ૩૦૩ પ્રોજેક્ટ્સને નિર્ધારિત સમયમાં કામ પૂર્ણ ન થતાં એક્સટેન્શન મેળવવાની નોબત આવી છે.રાજકોટમાં એક્સટેન્શન મેળવનારા ૩૦૩ પ્રોજેક્ટ્સની વિગતવાર કેટેગરી પર નજર કરીએ તો, સૌથી વધુ અસર રેસિડેન્શિયલ એટલે કે રહેણાંક પ્રોજેક્ટોમાં જોવા મળી છે. રાજકોટમાં કુલ ૧૮૪ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સને કામ પૂર્ણ કરવા માટે વધારાનો સમય આપવામાં આવ્યો છે. આ ઉપરાંત વેપાર-ધંધા સાથે સંકળાયેલા ૫૨ કોમર્શિયલ પ્રોજેક્ટ્સ અને રહેણાંક તથા વ્યવસાયિક બંને સુવિધા ધરાવતા ૬૭ મિક્સ પ્રોજેક્ટ્સને પણ ગુજરેરા દ્વારા સમયમર્યાદા લંબાવી આપવામાં આવી છે. રહેણાંક પ્રોજેક્ટ્સમાં એક્સટેન્શનનું ઊંચું પ્રમાણ એ વાત તરફ ઇશારો કરે છે કે સામાન્ય મકાનમાલિકોને પોતાના સ્વપ્નના ઘરનો કબજો મેળવવામાં વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે.દરમિયાન વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની કામગીરીની વાત કરવામાં આવે તો, રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે જ વધુ ૩૦ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સને ગુજરેરા તરફથી એક્સટેન્શન મંજૂર કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષના આ ૩૦ પ્રોજેક્ટ્સમાં ૧૨ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ, ૮ કોમર્શિયલ પ્રોજેક્ટ્સ અને ૧૦ મિક્સ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. બાંધકામ ક્ષેત્રે કાચા માલના ભાવમાં ઉતાર-ચડાવ, મજૂરોની અછત કે નાણાકીય આયોજનમાં ફેરફાર જેવા કારણોસર બિલ્ડરો દ્વારા નિયત મુદતમાં કામ પૂરું ન કરી શકાતા ગુજરેરા સમક્ષ એક્સટેન્શન માગવામાં આવી રહ્યું છે, જેના કારણે ખરીદદારોની આતુરતાનો અંત લંબાતો જોવા મળી રહ્યો છે.